
# અધ્યાત્મ

વર્ષ-૩
અંક-૧૨
સપ્ટેમ્બર-૧૯૮૨



## લવાજમ અંગે

અધ્યાત્મ માસિકને સપ્ટે, ૮૨માં ત્રણ વર્ષ પૂરાં થાય છે. એથી મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમ આ માસે પૂરાં થાય છે. તો ચોથા વર્ષનું ભારતનું લવાજમ રૂા. ૧૫ ઓગસ્ટ ૮૨ના અંકમાં જણાવેલ વિવિધ કેન્દ્રોમાં અથવા તો નીચેના સરનામે મની ઓર્ડરથી મોકલાવવા વિનંતી છેઃ–

**નારાયણભાઈ હ. જાની** તંત્રી, અધ્યાત્મ.
પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર
ભાવનગર ૩૬૪,૦૦૧

શક્ય હોય ત્યાં સુધી જૂનો ગ્રાહક નંબર લખવા વિનંતી છે.

**ચેકથી લવાજમ સ્વીકારવામાં આવતું નથી.**

ઓકટો. ૮૨નો આપનો અંક વેળાસર મળે તે માટે **સપ્ટેના. અંત પહેલાં આપનું લવાજમ** ભરી દેવા વિનંતી છે.

પરદેશના ગ્રાહકોને રૂા. ૧૨૫નો ડ્રાફ્ટ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગરના નામે મોકલાવવા વિનંતી છે.

### સદ્‌ભાવપૂર્વકની ભેટ

અધ્યાત્મને સદ્‌ભાવપૂર્વકની ભેટો વાચકો તરફથી મળતી રહે છે. છેલ્લે મળેલ ભેટો નીચે પ્રમાણે છેઃ–

૨૫–૦૦ જન્મદિન નિમિત્તે એક યુવાન સાધક તરફથી
૨૫–૦૦ શ્રી છગનલાલ સોરઠિયા, સુરત
૨૫–૦૦ શ્રી પ્રતાપભાઇ ત્રિવેદી તરફથી ભાઈ દીપકની પરીક્ષામાં સફળતા નિમિત્તે.

### નવા નોંધાયેલ આજીવન સભ્ય

૨૫૦ શ્રી ભગવાનદાસ જેઠાલાલ ઠક્કર, અમદાવાદ
રૂા. ૨૫૧–૦૦



પૂ. શ્રી યોગેશ્વરજી

## દર્શનની ઝંખના

મને દર્શન દેજે વ્હાલા રે
શ્યામલ ગિરિધારી !

આ દૂર દૂર એકાંતે
લાવ્યો છે શાને કાજે ?
લીલા ના કૈં સમજાયે રે;
શ્યામલ ગિરિધારી.

હું શોધું છું તારી છાયા,
ભટકાયે જ્યાં ત્યાં માયા,
યુગ-યુગનાં વ્હાણાં વાયાં રે,
શ્યામલ ગિરિધારી.

મદભરી યુવાની આવી.
પ્રભુ-પંથે ત્યારે વાળી,
હવે લેને જલદી તારી રે;
શ્યામલ ગિરિધારી.

વ્હાલા આવે કદી જો આજે
બનું રાધા તારે કાજે,
હૈયું હરખે ને નાચે રે;
શ્યામલ ગિરિધારી.

—સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
(ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૯૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| ચોથે પગલે | ૩ | તંત્રી |
| યૌવન | ૫ | શ્રી યોગેશ્વરજી |
| મા સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ | ૮ | શ્રી ઈશ્વરભાઇ ભક્ત |
| 'સ્વ'ને જાણો એજ સાધના | ૧૫ | શ્રી મણિભાઇ દવે |
| શ્રેયયાત્રા–૨૫ | ૨૧ | શ્રી ભાઇલાલભાઈ છાટબાર |
| મન અને એની શક્તિ | ૨૭ | શ્રી નારાયણ હ. જાની |
| બોધના વેણ | ૩૨ | શ્રી જયંતીલાલ આચાર્ય |
| શ્રેષ્ઠ કોણ | ૩૪ | ડૅા. રણજિત પટેલ |
| પ્રકાશના પંથે | ૩૫ | શ્રી દીપકભાઈ મહેતા |
| સત્યસાંઈ બાબા | ૪૧ | શ્રી પ્રપન્નલાલ કાજી |
| વર્તનનો પ્રભાવ | ૪૪ | શ્રી સાધુ પ્રીતમપ્રસાદદાસજી |
| ગજકરણી | ૪૬ | શ્રી મણિભાઈ શાહ |
| કહે મન્સૂર મસ્તાના | ૪૯ | શ્રી આશા ત્રિવેદી |
| આનંદઉપનિષદ્ | ૫૬ | શ્રી સ્વામી વિવેકાનંદ |
| રામકથા | ૫૯ | શ્રી યોગેશ્વરજી |




# ચોથે પગલે

આપ સહુના સહકારથી, પ્રભુકૃપાથી ને પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. મા શ્રી સર્વેશ્વરીના આશીર્વાદથી, 'અધ્યાત્મ' માસિકના પ્રકાશનને સપ્ટે. '૮૨ માં ત્રણ વર્ષ પૂરાં થાય છે.

રાષ્ટ્ર ને સમાજના જીવનમાં ત્રણ વર્ષનો ગાળો ઘણો નાનો ગણાય. પરંતુ વ્યક્તિના જીવન પરિવર્તનમાં કેટલીયવાર થોડી ક્ષણો કે કેટલાક કલાકો પણ મોટું પરિવર્તન લાવનારાં નીવડે છે. ખાસ કરીને અધ્યાત્મના માર્ગે આગળ વધવાની ઈચ્છા કે અભીપ્સા રાખનાર સાધકના જીવનમાં એવું ઘણીવાર બનતું હોય છે.

આ પરિવર્તન લાવવામાં કેટલીકવાર કોઈ સંત પુરુષના શબ્દો, કોઈ આત્મિક સંસ્પર્શ કરે તેવું લખાણ કે સંત પુરુષનો અલ્પ પરિચય કારણભૂત બને છે.

"અધ્યાત્મ" ના પ્રકાશનનો મુખ્ય હેતુ આવું પ્રયોજન પૂરું પાડવાની સાથે ધર્મનું સાચું સ્વરૂપ ને હાર્દ લોકોને સમજાવવાનું ને પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો જીવન-સંદેશ સર્વ લોકોને જાતિ ધર્મ કે દેશોના ભેદભાવ વિના પહોંચાડવાનો છે.

- "ભલા બનો ને ભલું કરો.
- સાચા બનો ને સારાં બનો.
- ભૌતિક સુખની સંપ્રાપ્તિ
  માટે નૈતિક મૂલ્યોને નેવે ન મૂકો.
- અંતરમુખ બની આત્માની ઓળખ માટે પ્રમાણિકપણે પ્રયાસ કરો–કે જેથી આ દુનિયામાંથી વિદાય લેતાં પહેલાં પ્રભુના પંથે પળ્યાનો થોડો પણ સંતોષ પામી શકો"

સાથે સાથે સાચી જિજ્ઞાસા ધરાવનાર, વ્યકિતઓને આત્મોન્નતિના માર્ગે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડવાનું તેમજ એ માર્ગે પળેલાઓને પ્રગતિના પંથે દોરવામાં સહાયભૂત થવાનું છે. ખબર નથી અમે એમાં કેટલા સફળ થયા છીએ. પરંતુ તેનો નિર્ણય તો વાચકો જ કરી શકે.

અમે તો પ્રભુને તેમજ ગુરુને એટલી જ પ્રાર્થના કરીએ કે અમારામાં 'અધ્યાત્મ'નું કામ કરવાની વધુ શકિત, સૂઝ ને બુદ્ધિ આપે. કોઇનેય ઉપયોગી થાય એવું અમારું જીવન બને. જે પરમ શાન્તિની ઝંખના સમગ્ર વિશ્વ એક યા બીજા પ્રકારે કરી રહ્યું છે, તે સર્વને પ્રાપ્ત થાઓ ને એમાં પ્રભુ અમને નિમિત્ત બનાવે.

અધ્યાત્મ મળવામાં જે કોઇ ગ્રાહક ભાઈ–બહેનોને અમારી કે પોસ્ટની ક્ષતિને લીધે કંઈક મુશ્કેલી પડી હોય તો ક્ષમા કરે. છેલ્લા બે માસથી ફરિયાદોની નોંધ કરી, તે અંગે ઘટતું કરવાનો એક અલગ વિભાગ શરૂ કર્યો છે, જેથી જલદીથી ઘટતું થઈ શકે.

ગ્રાહકોની બદલી કે સ્થાળાંતરની જાણ કાર્યાલયને સમયસર કરવા વિનંતી છે. જેથી પોસ્ટ ખાતાને નિવારી શકાય તેવા કાર્યભારમાંથી બચાવી શકાય.

અંતમાં, સહુ વાચક ભાઇ બહેનોનું [અધ્યાત્મનું] નવું વર્ષ ભૌતિક સમૃદ્ધિ સાથે આત્મિક સુખ શાન્તિ લાવનારું નીવડો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી વિરમીએ છીએ

—તંત્રી ને સંપાદક મંડળ.




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

વર્ષ : ૩ સપ્ટેમ્બર-૧૯૮૨ અંક : ૧૨


## યૌવન

યૌવન જીવનની વસંતઋતુ છે. સૃષ્ટિની શોભા, ધરિત્રીની યશકલગી, નિસર્ગનો અમુલખ ઉપહાર, પરમાત્માનું પરમ યશસ્વી શાશ્વત કાવ્ય, શક્તિનો ભંડાર, છતાં પણ એની શક્તિને કેટલા થોડા માનવો સમજે છે? કેટલા થોડા એનો સમુચિત સદુપયોગ કરે છે? મોટા ભાગનાં યૌવન વિષયોમાં અટવાઈ જાય છે, મોહાંધ બની જાય છે, ભાન ભૂલી જાય છે, બેહાલ અથવા બરબાદ થાય છે. ઊગ્યાં એવાં જ અદૃશ્ય થાય છે. એમની દ્વારા કશું ચિરસ્થાયી સર્જન નથી થતું. એમને કોઈ જાણતું નથી, ચાહતું નથી, કવિતામાં સ્થાન નથી આપતું. પ્રશસ્તિને પાત્ર નથી ગણતું. એ પુષ્પો કોઈની પૂજાના કલ્યાણકાર્યમાં નથી લાગતાં, કોઇને પોતાના પરિમલથી પુલકિત નથી કરતાં. ક્યાંય રસની, સુખની, સનાતન સૃષ્ટિ નથી સર્જતાં. એ સિતારી કોઈની જીવન સિતારીને સ્વર્ગીય નથી કરતી, સંવાદે નથી ભરતી.

દેશમાં કેટલું બધું યુવકધન છે? એમાં સાચું યૌવનધન કેટલું? એ યૌવનની સરિતાઓને નાથીને એમની અંદરથી નહેરોનું નિર્માણ કરીને રાષ્ટ્રની ધરતીને શસ્યશ્યામલા બનાવવામાં આવે એ આવશ્યક છે. એ કાર્ય અસાધારણ આશીર્વાદરૂપ છે. યૌવન વ્યસની બને, વિકારી થાય, મોહગ્રસ્ત, પથભ્રાંત અને વિપથગામી બને તો ખેદાન-

મેદાન કરે; શાંતિ ને બદલે અશાંતિની સૃષ્ટિ કરે; ઉન્નતિ ને બદલે અવનતિ સાધે.

કોઈ પણ રાષ્ટ્રના અભ્યુદયનો આધાર એના યૌવન પર અને યૌવનના સમુચિત સદુપયોગપર રહેલો છે. એ યૌવન રાષ્ટ્રનું આરાધક થાય, સેવાભાવી બની જાય, સંયમ, શુદ્ધિ, સાત્વિકતાનું સંગીત ગાય તો જ્યોતિર્મય થાય. એવું યૌવન સમાજના પ્રત્યેક ક્ષેત્રને શોભાવે; સમૃદ્ધ તથા સમુન્નત બનાવે. યૌવન મર્યું તો સઘળું મર્યું. યૌવન તર્યું તો સઘળું તર્યું.

રાષ્ટ્રને યૌવનની જરૂર છે. રાષ્ટ્રના યૌવનને બગડતું, બરબાદ બનતું અટકાવીએ. એને અમંગલ નહિ, મંગલ, અભિશાપરૂપ નહિ આશીર્વાદરૂપ બનાવીએ. આજથી સંકલ્પ કરીએ, આપણા યૌવનને બચાવીશું એનો શક્યાતિશક્ય સદુપયોગ કરીશું. રાષ્ટ્રના યૌવનને બચાવીશું. અને સત્કર્મોમાં લગાડીશું.

ભારતમાતાની મીટ એના યૌવનપર મંડાયલી છે. યૌવનમાં એની આશા છે. યૌવન પાસેથી એ અનંત અપેક્ષા રાખે છે. યૌવન એની કાયાપલટ કરી શકે છે. એને સુખી, સમૃદ્ધ, શક્તિશાળી બનાવી શકે છે. એને માટેની યોજના ઘડીને એને અનુરૂપ પુરુષાર્થને પ્રારંભી શકે છે. પ્રત્યેક યુવક-યુવતી સંકલ્પ કરે. યૌવનને વેડફી નહીં નાખીએ. સ્વસ્થ, શક્તિશાળી, સમૃદ્ધ બનાવીશું. બીજાના સેવાકાર્યમાં લગાડીશું. રાષ્ટ્રની સંપત્તિ માનીશું. રાષ્ટ્રની શાનને વધારવા માટે વાપરીશું.

યુવાનો રાજકીય પક્ષના હાથા ના બને. સ્વાર્થ, સંકુચિતતા, સાંપ્રદાયિકતાનો પ્રતિકાર કરે. ભાંગફોડમાં ભાગ ના લે. જાહેર મિલ્કતને નુકશાન ના પહોંચાડે. વિદ્યાપ્રાપ્તિનું, ચારિત્ર્યનિર્માણનું, દેશને ઉપયોગી બનવાનું વ્રત લે. આદર્શ થવાનું ધ્યેય રાખે. વિદ્યાર્થીઓની અસંખ્ય સમસ્યાઓ છે. એ પારવિનાની મુશ્કેલીઓને તથા પ્રતિકૂળતાઓમાંથી પસાર થાય છે. એમની મુશ્કેલીઓને મટાડવા માટે યુવકોએ અને વડીલોએ આગળ આવવાનું છે. એમને મદદરૂપ બનવાની યોજનાઓ ઘડવાની છે. યુવકોને અને યુવતીઓને ઓછાભાવે, વ્યાજબી મૂલ્યે પુસ્તકો તથા સ્ટેશનરી મળે, જીવનોપયોગી વસ્તુઓની પ્રાપ્તિ થાય, અને હોસ્ટેલોમાં કે છાત્રાલયોમાં અથવા અન્યત્ર વસતા વિદ્યાર્થીઓને વધારે બોજાનું વહન ના કરવું પડે; દેશના યૌવનને વધારે ને વધારે શિષ્ટ, સમજુ, સંસ્કારી, સેવાભાવી, સામાજિક જવાબદારીના ભાનવાળું બનાવવાની સુયોજીત પ્રવૃત્તિ કરવામાં આવે એ આપણા અભ્યુત્થાનને માટે અત્યંત આવશ્યક છે.

શ્રી યોગેશ્વરજી



---


**※ ભારતમાં લવાજમ ભરવાનાં સ્થળો ※**

૧ શ્રી. બાબુભાઈ વ્હોરા
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ કો. ઓ. હા. સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૯

૨ શ્રી. ઇશ્વરભાઈ એમ. શાહ એ-૪, વિહારકુંજ સોસાયટી
રણમુકતેશ્વર મહાદેવ પાસે, વડોદરા-૪

૩ શ્રી. જીતુભાઇ ગાંધી
૫૫/૧, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૫

૪ શ્રી. વિનુભાઈ અમીન, વાડી, વાયડા પોળ, વડોદરા.

૫ પ્રો. ટી. જી. ભટ્ટ
૪૪, નંદનવન સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત-૧

૬ શ્રી. રમેશભાઈ પટેલ
એકસપ્રેસ ઓઇલ એન્ડ એન્જી. કું.
૭/૪૯૧૯ સ્ટેશન રોડ, સુરત-૩

૭ શ્રી. શાન્તિભાઇ કનેરિયા
કનેરિયા એન્જીનિયરીંગ વકર્સ, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૧,


(અનુસંધાન ટાઇટલ નં. ૩ ઉપર)

# મા સર્વેશ્વરીનું ભગવતી સ્વરૂપ

ઈશ્વરભાઈ ભક્ત

[આ લેખ જેમના વિષે લખાયો છે તે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી "રામકબીર ભક્ત સમાજની જ" ભેટ છે. તેમજ લેખના લેખક શ્રી ઈશ્વરભાઈ ભક્ત પણ એ જ સમાજના એક લબ્ધ પ્રતિષ્ઠિત સાધક ને આગેવાન કાર્યકર હોવા ઉપરાંત, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના અનન્ય ભક્ત છે. તેઓશ્રીના આત્મિક વિકાસ ને સાધનાના તેઓ સાક્ષી હોઇ તેઓએ પૂ. મા વિષે જે ભાવભક્તિપૂર્ણ લેખ કબીરવાણીમાં લખ્યો છે, તે અધ્યાત્મના વાચકોના હિતાર્થે અહાં સાભાર પ્રસિદ્ધ કરીએ છીએ.
—તંત્રી]



પૂર્વાશ્રમનું નામ સરોજબ્હેન. આજે માંડ ચાલીસ વર્ષની ઉંમર હશે. આટલી નાની વયમાં જ સમસ્ત ગુજરાતમાં તેઓ પૂજ્ય મનાવા લાગ્યા એ ઘટના (શ્રી રામકબીર) ભક્ત સમાજ ને માટે ગૌરવરૂપ છે. ભક્ત સમાજના જ એક સભ્ય કુળમાં તેમનો જન્મ થયેલો. પિતાશ્રીનું નામ શ્રી કાલીદાસ ભક્ત. ત્યાગ કર્યા પછી નામ બદલાઇ જાય. બધાં ત્યાગ નથી કરી શકતાં. ત્યાગ તે જ કરી શકે કે જેણે મોહ, માયા, મમતાની નિરર્થકતાને ઓળખી લીધી હોય અને પરમાત્મા સાથે અનન્ય રીતે સ્નેહ બાંધ્યો હોય! પરમાત્માના દર્શન કર્યા વિના રહેવાય જ નહિ એવી અવસ્થા થઈ જાય ત્યારે ત્યાગનો માર્ગ સહજ બને. વળી ત્યારે ભારતીય પ્રણાલિકા પ્રમાણે ગુરુ નવું નામાભિધાન કરે. વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. ગુરુએ વિવેકા-



નંદ નામ પ્રદાન કર્યું. જગત નરેન્દ્ર તરીકે તેમને ઓળખતું નથી. નરેન્દ્ર તરીકેનું વ્યક્તિત્વ જ લોપ પામી ગયેલું. ગુરુની પરાત્પર શક્તિએ તેમનામાં સંક્રાન્ત થઇ જગતને એક અનોખા વ્યક્તિત્વની ભેટ ધરી. જ્ઞાનની પ્રભાએ ઝળહળિત સ્વરૂપે સિંહ સમાન વ્યક્તિત્વને પ્રકાશિત કર્યું તેને જ લોકો વિવેકાનંદ કહે છે. ત્યાગ કર્યા પછી સરોજબહેન સરોજ બેન રહ્યાં જ નહીં, ન રહ્યાં કોઇનાં બેનન રહ્યાં કોઇની પુત્રી. કુળના નહીં, પણ સમસ્ત ગુજરાતના લોક હૃદયના પાત્ર બન્યા. સાંસારિક કે સામાજિક સંબંધોથી મુક્ત, ભાગવતી શક્તિથી વિભૂષિત કરી એવા અદકાં વ્યક્તિત્વને ગુરુ યોગેશ્વરજીએ પ્રકાશિત કર્યું કે જેની ઓળખાણ મા સર્વેશ્વરીના નામથી એમણે કરાવી.

લૌકિક રીતે તેઓ આપણી વચ્ચે જ રહ્યાં, ભણ્યાં ને ગણ્યાં, યુનિવર્સિટિએ ગ્રેજ્યુએટ થયા પછી તેમને માનભેર કવિ ઉમાશંકર જોષી પારિતોષિક પ્રદાન કર્યું. ત્યાર પછી બી. એડ. ની ડીગ્રી પણ એનાયત થઇ. શિક્ષણક્ષેત્રે બાર વર્ષ સુધી સેવા પણ આપી. શિક્ષિકામાંથી આચાર્યા પણ થયાં. તેમણે પવિત્રતાનું કરેલું અનુષ્ઠાન સેવાના ક્ષેત્રોમાં ઉદાત્તપણે મઘમઘી ઊઠયું. વિદ્યાર્થી જગતમાં તેઓ પ્રિય થઇ પડયાં! શિક્ષકગણના આદરપાત્ર બન્યાં! સંસ્થાના નેતાગણના સન્માનનીય બન્યાં! તેથી જ ત્રણ ત્રણ વાર આપેલું તેમનું રાજીનામું સંસ્થાના પ્રમુખે સ્વીકાર્યું ન હતું. તેમના જેવા આચાર્ય ફરીવાર ન મળે એ હેતુથી તેમને અનેક સુવિધાઓ પ્રદાન કરવાની લાલચ પણ મળી પરંતુ તેમને કોઈ રોકી શકયું નહિ. રામરસાયણ કરી પીનારને કોણ રોકી શકે? તેમને માટે ત્યાગ ખરેખર સહજ બન્યો. ગુરુને ચરણે સર્વ સમર્પણ કરી પ્રભુદર્શનની ઝંખના તૃપ્ત કરવાની તાલાવેલી એટલી

બધી તીવ્રતમ હતી કે તેમનાથી ત્યાગ સિવાય અન્ય પગલું ભરી જ ન શકાયું !

આ બધી વાતો વાંચી વાચકવર્ગને કદાચ આશ્ચર્ય પણ થાય. ત્યાગ વૈરાગ્ય વિના ટકતો નથી એ વાત સાચી છે. તેમનું મન પહેલેથી જ સંસારના વિષયોમાંથી ઉપરામ પામ્યું જ હતું. મનમાં વિરાગની માત્રા દિન પ્રતિદિન દૃઢપણે વધતી જ જતી હતી. નોકરી છોડી દઈ ત્યાગ કરવાના નિર્ણયો તેમણે ઘણીવાર કર્યા હતા. પરંતુ તેમને ગુરુની આજ્ઞા મળતી ન હતી. ઇ. સ. ૧૯૭૭માં ગુરુએ તેમને રોજનીશીમાં સ્વહસ્તે લખી આપ્યું હતું કે ઇ.સ. ૧૯૭૯ના ડિસેમ્બરમાં ગુરુસેવાને નિમિત્ત બનાવી, સંસારનો ત્યાગ કરી શકશો.” મારી હાજરીમાં આ લખાણ થયેલું. મને તે ઘટનાના સાક્ષી બનવાનું પુણ્ય પ્રાપ્ત થયું હતું. આપણા ‘કબીરવાણી’ ના તંત્રી પોતે જેમ શિક્ષણ ક્ષેત્રે તેમના સેવા કાર્યના સાક્ષી રહ્યા છે તેમ તેની આધ્યાત્મિક ક્ષેત્રની પ્રગતિના સાક્ષી બની રહેવાની સુવર્ણ તક મને પરમાત્માએ આપી છે. જે પ્રમાણે રોજનીશીમાં વર્ષ, માસ ને દિવસ નોંધાયેલ તે જ પ્રમાણે ઘટના બની. ગુરુ યોગેશ્વરજીનાં દર્શન નિમિત્તે રજાના દિવસે તેઓ અમદાવાદ ગયેલાં. એકાએક ગુરુને હાર્ટ એટેક થયો. ઇસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા. શાળામાં આચાર્યા તરીકે ચાલુ રહેવું કે ગુરુની સેવા અર્થે કાયમને માટે ત્યાગ કરવો એ સમસ્યા મનમાં ઉદ્‌ભવી. ગુરુની આજ્ઞા પણ કેવી રીતે લેવી ? ગુરુ તો બેભાન અવસ્થામાં છે. અંતરાત્માએ ત્યાગનો માર્ગ ચીંધ્યો ને ગુરુસેવાનો અણમોલ લહાવો તેઓ લઇ શક્યાં !

સામાન્ય રીતે જગતની કોઈ પણ વ્યક્તિ આટલી આસાનીથી ને સાહજિકતાથી મોભાદાર પદનો ત્યાગ કરી શકતી નથી.



સંસારની માયા મોહિની નિર્ણય કરતી વખતે સામે ખડી થાય. તેને બધી બાજુથી વિચાર કરવાની ફરજ પાડે છે પરંતુ મા સર્વેશ્વરીને એ તત્ત્વો નડયાં જ નહીં ! જાણે કે સહુ નિશ્ચિત જ હતું ! કેટલી બધી સહજ રીતે તેમણે ત્યાગને સન્માન્યો ! બીજે દિવસે શું પહેરીશ તેનો પણ વિચાર ન કર્યો ! તરત જ રાજીનામું લખી સેવામગ્ન થઈ ગયાં. વિવાહ કરવો તો પરમાત્મા સાથે, નહીં તો નહીં ! ગ્રેજ્યુએટ થયા પછીનો તેમનો આ નિર્ણય અડીખમ રહ્યો. તેમને કોઈ ડગાવી શક્યું નહિ. ગુરુના શરણમાં રહેનારની ખુદ હરિએ પણ સેવા કરવી પડે, તે કહેવત જાણે કે ચરિતાર્થ બની. વિના માંગ્યે સાડીઓ, ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો ને હજારો રૂપિયાની આર્થિક સહાય વિભિન્ન સ્વરૂપે સામે આવીને વિનવણી કરવા લાગી. બીજી તરફ વણમાગી સહાયને તેઓ પાછી ઠેલવી રહ્યાં છે ! નથી સ્વીકારતાં સાડી, વસ્ત્રો કે નાણાં ! કાંઇ જ ખપતું નથી. માત્ર ભક્તિ. કેવી અપરિગ્રહ વૃત્તિ ! કેટલો બધો પાકો વૈરાગ્ય કહેવાય ! ત્રણ દિવસ સુધી પાણી પણ નહીં ! ત્યાર પછી ઓગણીશ દિવસ સુધી માત્ર છાસનો ગ્લાસ જ ! છતાં ગુરુસેવા અવિરતપણે ચાલુ જ ! રાત્રે ઊંઘ નહીં, દિવસે આરામ નહીં ! કેટલી બધી તિતિક્ષા કહેવાય!

આધ્યાત્મિકતાની સિદ્ધિઓ જે કાંઇ તેમને મળી હોય તેની પાછળ તેમનું અણિશુદ્ધ પવિત્ર જીવન અને નિષ્ઠાપૂર્વક કરેલી તપશ્ચર્યા મહદ અંશે જવાબદાર છે. નોકરી કરતાં કરતાં અનન્ય ગુરુભક્તિ તેમણે ખીલવી છે. ગુરુએ બતાવેલ નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું છે. ગુરુમંત્રની અઢીસો માળા પૂરી કરીને જ રોજ પાણી પીવું એવો કડક નિયમ તેમણે પાળ્યો છે. ઘણીવાર પાણી વિના રહેવું પડયું છે. મળસ્કે ઊઠીને માળાઓ કરે ખરા પણ શાળાનો સમય થઈ

જાય એટલે અચૂકપણે શાળામાં હાજર થઈ જતાં. બબ્બે પાળીની તેઓ જવાબદારી સંભાળતાં. એટલે બાર કલાક શાળામાં સહેજે વીતી જતા. રાત્રે ઘરે જઇ માળા પૂરી કરી પછી જ પાણી લેતાં. ત્રણ મહિના સુધી માત્ર પા શેર દૂધ પર રહીને, તમામ વ્રતો ને નિયમોનું કડકાઇ પૂર્વક પાલન કરતાં કરતાં તેમણે આચાર્ય તરીકેની નોકરી કરી છે. આવી મનોનિગ્રહની સાધના અવિરત પણે દસ વર્ષ સુધી ચાલુ રહી. તેથી તેઓ ગુરુકૃપાને પાત્ર થઇ શક્યાં.

રજાના દિવસોનો ઉપયોગ પણ તેમણે સાધના માટે જ કર્યો. પૂ. મોટાનું મૌન મંદિર તાપી નદીને કિનારે આવેલું છે. કમ્પાઉન્ડમાં જાહેર સાર્વજનિક સ્મશાન પણ છે. સ્થળ એકાન્ત ને શહેરથી દૂર, એટલે રાત્રે ઘણાને ભયાનક લાગે. છતાં તેમણે મૌન મંદિરનો ઉપયોગ દર રજાઓમાં કર્યો જ. એકવીશ દિવસ સુધી ધ્યાન, ચિંતન, મનન અને નિદિધ્યાસનની તપશ્ચર્યા કરવામાં દર લાંબી રજાઓનો ઉપયોગ કર્યો. મૌન મંદિરના ઓરડામાં બહારનો પ્રકાશ આવી ન શકે તેવી રચના છે. બહારથી તાળુ મારી દેવામાં આવે છે. ખોરાક અગાઉથી જણાવ્યા પ્રમાણે બારી પર મૂકી જવામાં આવે છે તે બારી આપોઆપ અંદરને ભાગે ખસી આવે તેવી બનાવેલી છે. આવી એકાન્ત ઓરડીઓમાં તેમને અનેકવિધ દિવ્ય અનુભૂતિઓ થઈ છે. તે મેં તેમણે લખેલી રોજનીશીમાંથી વાંચી છે.

નાનપણથી જ તેમને ખુલ્લી આંખે પ્રકાશનાં દર્શન થતાં. પરંતુ ત્યારે તેમને સમજ ન હતી. પ્રકાશ સ્વરૂપ આત્માનો પરિચય તેમને પાછળથી થવા માંડયો. જેમ જેમ તેમણે કઠિન તપશ્ચર્યા કરી અને કડક વ્રત નિયમાદિનું પાલન કર્યું તેમ તેમ તેમનું મન નિર્મળ બનતું ગયું અને પ્રકાશ સ્વરૂપ આત્માનું પ્રતિબિંબ તેઓ જોઈ શકતાં થયાં. વળી નાનપણથી



જ પિતાની છત્રછાયામાં તુલસીકૃત રામાયણ ગાવાની આદત પડી હતી. જેમ જેમ સમજ વધતી ગઇ તેમ તેમ રામાયણનો આનંદ પારાયણ કરીને મેળવવા લાગ્યાં. ઘણી ચોપાઇઓ કંઠસ્થ થતી ગઇ. આજે પણ તેઓ વારંવાર પારાયણ કર્યા જ કરે છે. પ્રભુએ તેમને કંઠ પણ સુંદર આપ્યો છે. પ્રાર્થના-ભજનો તેમનાં સ્વભાવમાં વણાઇ ગયાં છે. તેઓ પોતે ભજનો પણ રચે છે. ભજનોના માધ્યમથી તેઓ જનસમૂહના હૃદયમાં સ્થાન પણ પામી ચૂક્યાં છે. સ્વરરચિત ભજનો તેમને કંઠેથી સાંભળવા એ પણ એક લ્હાવો ગણાય છે. તેમનાં ભજનોનો એક સંગ્રહ, "અર્ઘ્ય" નામે ગયે વર્ષે પ્રસિદ્ધ પણ થયો છે. તેમનાં ભજનોમાં તેમની પ્રભુ દર્શનની ઝંખના, લગની અને એ અંગેનો પ્રપત્તિભાવ સાદી સરળ લોકભોગ્ય ભાષામાં અભિવ્યક્ત થયો છે. તેમની ગુરુભક્તિ ચરમ સીમાએ પહોંચી ત્યારે તેમને ગુરુ તરફથી શું શું મળ્યું તે પણ ભજનો દ્વારા જાણી સકાય છે. ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ વાર્તાકાર શ્રી ઈશ્વરપેટલીકરને, તેમનાં ભજનો સાંભળીને, મીરાનાં દર્શન થયા તે પરથી તેમનાં ભજનોનું મૂલ્ય વાચકવર્ગને જણાયા વિના રહેશે નહિ. શ્રી ઈશ્વર પેટલીકરે સ્ત્રી સાપ્તાહિકમાં મા સર્વેશ્વરીનો વિસ્તૃત પરિચય આપતાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમનાં આધ્યાત્મિક અનુભવો સાંભળી સહુ કોઈને માન પેદા થાય છે એટલું જ નહિ પણ તે વંદન કર્યા સિવાય રહી શકતો જ નથી એવા પ્રકારની ભાવની ભરતીનો અનુભવ થાય છે.

પ્રભુનો પંથ તો પાવકની જવાળા જેવો દુષ્કર ગણાય. એ પંથે શૂરવીર જ પ્રયાણ કરી શકે. સ્ત્રીઓ તો શું પણ પુરુષો પણ આ પંથે પ્રયાણ કરી શકતા નથી. મોટા મોટા ઋષિમુનિઓની કસોટી થઇ જતી હોય તો સામાન્ય પુરુષનું તો શું ગજું ? તેથી જ્યારે એક મહિલા પ્રભુપંથે પ્રયાણ

કરે અને સફળતાની મંઝિલ સર કરે ત્યારે કોને ગર્વ ન થાય ? છતાં જાહેરમાં આવકારતાં અને તેનું ગાન કરતાં સામાન્ય જનસમૂહ ઘણીવાર સંકોચ અનુભવે છે. કેટલીક લૌકિક માન્યતાઓ નડતર રૂપ બનતી હોય છે. સંબંધીઓને સંબંધની દિવાલ નડતી હોય છે. ટીકા, કૂથલી, ગંદીવાતનો પ્રચાર એ સામાન્ય રીતે લોકોને ગેર રસ્તે દોરનારાં પરિબળો છે. જોકે લૌકિક વાતોને બુદ્ધિજીવી માણસ મહત્ત્વ આપતો નથી, છતાંય એવી વાતોથી જનસમૂહનું માનસ અવશ્ય દૂષિત બની જાય છે. તે કારણે જનસમૂહ પોતાની વચ્ચે રહેનારા જાજ્વલ્યમાન રત્નોને પારખવામાં પાછળ પડે છે. આ દૃષ્ટિએ શ્રી પેટલીકરે મા સર્વેશ્વરીના ભાગવતી સ્વરૂપને પારખી સાચો પરિચય કરાવ્યો તેથી આપણે આભારી બન્યા છીએ.

આજે તો સમસ્ત ગુજરાતમાં તેમનું જગદમ્બા સ્વરૂપ વ્યાપક બનતું જાય છે સૂરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, મોરબી, પાલનપુર વગેરે શહેરોમાં લોકો સન્માને છે અને પૂજાર્હ ગણીને પ્રણામ કરે છે. બુદ્ધિજીવી વર્ગના પ્રતિનિધિ જેવા વકીલો, પ્રાધ્યાપકો, ઈજનેરો અને ડોકટરો પણ તેમનાં આવા સ્વરૂપથી પ્રભાવિત બને છે. તેમને પ્રણામ કરવામાં તેઓ ખચકાટ અનુભવતા નથી. તેમના સ્થૂળ દેહને નહીં પણ તેમનામાં પ્રફુલ્લિતપણે વિલસી રહેલ મા ભગવતીના સ્વરૂપને તેઓ સહુ વંદે છે, આનંદમયી મા, ગોદાવરી માતા, યોગિની દેવી, ગીતા ભારતી, ઉમા ભારતી જેવાં મહિલા સંતો આધ્યાત્મિક ક્ષેત્રે મૂલ્યવાન સેવા આપી રહ્યાં છે. મા સર્વેશ્વરી તેઓમાં પ્રમુખસ્થાને રહે એવી આશા જાગે છે અંતે, શ્રી પેટલીકરના વચનને યાદ કરી આ લેખ પૂરો કરું છું, "હવે બહારનું ક્ષેત્ર સ્ત્રીઓ માટે ખુલ્લું થયું છે એટલે અંતઃપ્રેરણાથી મા સર્વેશ્વરી જેવી સ્ત્રીઓ સાધના દ્વારા પ્રેરક બની રહે તેવું ગુરુસ્થાન લેતી થશે."



# 'સ્વ'ની ઓળખ એજ સાચી સાધના

(ગતાંકથી ચાલુ)

મણિભાઈ દવે.

પરમ તત્ત્વ દેહના કેન્દ્રમાં બેઠું છે. અને તે 'સ્વ'ના નામથી ઓળખાય છે. તેની આજુબાજુ "પર" તત્ત્વ એટલે પ્રકૃતિ ફેલાયેલી છે. મનથી દેહ સુધીનો પ્રદેશ પ્રકૃતિનો છે. જે સ્વમાંથી બહાર નીકળતાં એટલે પ્રકૃષ્ટ થતાં કૃતિ એટલે રૂપ ધારણ કરે છે. 'સ્વ' જ્યારે પરમાં પ્રવેશ કરે છે એટલે પ્રકૃતિને ધારણ કરે છે ત્યારે તે સ્વરૂપ ધારણ કરે છે એટલે સાકાર બને છે. તેથી તમે મન, બુદ્ધિ, ઈન્દ્રિયો અને દેહના વ્યાપારને જોઈ શકો છો. પરંતુ તમે તમને પોતાને એટલે આત્માને કદી જોઈ શકતા નથી. 'સ્વ' વડે 'પર' ને જોવાય. પરંતુ તમે જ્યારે સ્વરૂપ થાઓ છો ત્યારે તમે સાકાર બનો છો. વેદાન્ત સ્વ+રૂપની પ્રાપ્તિ કરવાનું જે સૂચન કરે છે તેમાં કોઈ આકારવાળા પદાર્થ તરફ જવાનું કહેતું નથી. પરંતુ તમે જો તમારા રૂપને પામો એટલે ઓળખો તો તે અરૂપી અને સૂક્ષ્મ હોવાથી ફક્ત સમાધિ દશામાં તમને તમારો પરિચય થશે. તેને તમે કદી Object બનાવી શકશો નહીં– તે સદાનો Subject છે અને રહેશે. 'સ્વ' જ્યારે 'પર' ના પ્રદેશમાં દાખલ થાય છે ત્યારે ત્યાં તેના દ્વાર ઉપર 'સમ્યગ્ અગર યુક્ત' વ્યવહારમાં રહેવાનું સાવચેતીનું બોર્ડ લગાવેલું હોય છે. 'પર'નો ઉપયોગ જરૂર કરવાનો છે. પરંતુ તેના ઉપયોગમાં સમ્યકત્વ સાચવવું જોઈએ. સમ્યકત્વ એટલે પ્રમાણસરનો ઉપયોગ. ભગવાને ગીતામાં પણ યોગી માટે યુક્ત આહાર-વિહાર કરવાની સાવધાની રાખવાનું સૂચવ્યું છે. અને સમત્વને યોગ કહ્યો છે. તેનું કારણ તમારે જીવનમાં જ યોગ

સાધવાનો છે. તમને મળેલાં પરતત્ત્વો નો જો તમે પ્રમાણસર એટલે યુક્ત ઉપયોગ કરો તો તે તમારાં બંધન ન બનતાં તમને સહાયરૂપ બને. મન, ઇન્દ્રિયો અને દેહનો ઉપયોગ કરવાનો છે, કારણકે તે તમારાં સાધનો છે. તે વડે તમારે જગત સાથે સંબંધમાં આવવાનું અને રહેવાનું છે. પરંતુ જગતના પદાર્થો અને પ્રાણીઓ પ્રત્યે તમારે વધારે પડતા સંસર્ગમાં રહીને રાગ બાંધવાની મનાઈ છે. જો તમે પદાર્થોનો પણ સમ્યગ્ એટલે પ્રમાણસર ઉપયોગ કરો તો તમારી દૃષ્ટિ રાગ વિનાની રહે. એટલે તમે વસ્તુ વાપરો ખરા, પણ તેની 'લક્ષ્મણરેખા' તમારા ખ્યાલ બહાર જાય નહીં. દા. ત. દ્રવ્ય અગર પૈસો તેના પ્રમાણસર ઉપયોગ માટે બરાબર છે, તે તમારા જીવનવ્યવહારનું સાધન છે. તેનો સમ્યગ્ ઉપયોગ તેને સાધનના સ્થાનમાં રાખે છે; પરંતુ તે જો તમારી વાસનાનો વિષય બને તો તે સાધન મટી તમારા જીવનનું સાધ્ય બની જાય તો પછી તમે તેનું રાતદિવસ ચિંતન કરતા થઈ જાઓ અને પરિણામ એ આવે કે તમે સ્વચિંતન છોડી દ્રવ્યચિંતનરૂપી પર ચિંતનમાં પડી જાઓ. તેમાં તમારા આધ્યાત્મિક જીવનનું જોખમ છે. શ્રી રામકૃષ્ણદેવ જે કામ અને કાંચનથી સાવધ રહેવાનું વારંવાર કહે છે તે તેના પ્રમાણબહારના ઉપયોગ અગર સંચય સંબંધી 'લાલ બત્તી' ધરે છે. 'પર'માં એવી માયાજાળ મૂકેલી છે કે તમે સાવધાન ન રહો તો તેનો પ્રમાણસર ઉપયોગ ચૂકી જાઓ. જગત અને જગતના પદાર્થો તેમજ કામિનીરૂપી વિજાતીય મનુષ્યો તમને આકર્ષવા સદાય તૈયાર હોય છે. તેથી તેનો તમે પ્રમાણસર ઉપયોગ કરવાનું ચૂકી જાઓ તો તે તમને 'પર'માં પકડી રાખી 'સ્વ'નું ભાન ભૂલાવી દેવામાં કારણભૂત બને. ઉપયોગ બોધરૂપ બનવા માટે કરવાનો છે. અને જો તમે જાગૃતિથી



ઉપયોગ કરો તો તમને જરૂર સમજાય કે 'પર'માં રહેલું બધું અનિશ્ચિત અને વિનાશ પામવાના સ્વભાવવાળું છે. તે તમને કાયમી સુખ આપશે નહીં. લગ્ન વખતે દંપતીને વારંવાર 'સાવધાન' શબ્દથી ચેતવવામાં આવે છે. તેના ઉપર આપણે કદી આપણું ધ્યાન જોડ્યું નથી; રૂઢિગત રૂટિન ગણાતી બાબતો ગંભીર અર્થસૂચક હોય છે. આ સાવધાની રાખવાનું સૂચન એટલા માટે હોય છે કે સ્ત્રી અને પુરુષ હવે એવા લોભામણા તબક્કે પ્રવેશે છે કે તેઓ જાતીય ઉપભોગની પ્રમાણસરતા ચૂકી જાય તો સંભવ છે કે તેમનું 'પર' માં જીવન અટવાઇ રહેવાની પૂરી શક્યતા છે. જો તેનો સમ્યગ્ એટલે જાગૃતિથી ઉપયોગ કરવામાં આવે તોજ તમારું તેમાંથી ઉત્થાન થઈ શકે. તમારે 'પર'નું અતિક્રમણ કરવાનું છે. તે માટે જેટલા તમે તેને જાગૃતિથી અનુભવો તેટલો તમને તેની નિરર્થકતાનો ખ્યાલ આવે. અને તમારો 'સ્વ' તેના મુકાબલે કેટલો સ્થિર આનંદ આપનારો છે તેની તમને કદર થાય. અને તમે તેના તરફ વળો. બહારનાં આકર્ષણો સત્ત્વહીન પોકળ એટલા માટે રાખ્યાં છે કે જો તેનો પ્રમાણસર ઉપયોગ થાય તો તમને તેની નિરર્થકતાનું ભાન જલદી થાય અને તમે તમારા 'સ્વ' તરફ જલદી વળો પરંતુ જો તમે પ્રમાણ ચૂકી જાઓ તો બહારની વસ્તુઓ તમને ઘેનમાં નાખી 'સ્વ'નું ભાન ચૂકાવી દે; અને તમે મૂઢતાની યંત્રવત્ સ્થિતિમાં જીવન પૂરું કરો છતાં જાગો નહીં. આ પ્રમાણ ચૂકવાનું મોટું જોખમ છે. વળી પરનું આકર્ષણ એક વધારે જન્મ બગાડી નાખે

તમારે 'સ્વ'ની યાદ અગર સ્મૃતિ સાથે જીવન જરૂર ભોગવવાનું છે. જગત કાંઈ નિરર્થક બનાવ્યું નથી. તમારી અંદર બેઠેલા સમ્રાટની તે લીલાભૂમિ છે. ફક્ત તમારી 'સ્વ'-

ની સ્મૃતિ છોડી દઈ તમે જગતમાં ધામા નાખીને રહો તે તમારા સમ્રાટપણાને માટે અયોગ્ય ગણાય અને તેટલો સમય તમે 'સ્વ'ની વિસ્મૃતિમાં ગાળો. બીજુ કશું જોખમ નથી. જગતમાં વારંવાર આવી 'સ્વ'ની વિસ્મૃતિમાં રહેવાની પણ તમને છૂટ છે. પરંતુ જગત અને તેના ભોગ એટલે શું ? તે જાગ્રત માણસના ખ્યાલમાં આવી ગયું હોય છે. એટલે તેને સ્મૃતિની કદર હોય છે. એક ક્ષણ પણ વિસ્મૃતિમાં ગાળવી તેને પોષાય તેમ નથી. કબીર આ સાવધાનીને સૂરતા કહે છે. તે સ્મૃતિનો અપભ્રંશ છે અને તે વખતની ચાલતી લોકભાષાનો શબ્દ છે. ઘણી વખત સુરતાનું દૃષ્ટાંત કબીર પાણીઆરીના બેડાં તરફના લક્ષથી આપે છે. પાણીનું બેડું માથે હોય ત્યારે સરખી સાહેલીઓ હસતી, ટોળટપ્પાં મારતી ચાલી જતી પાણીઆરી દેખાવમાં જાણે બેડાં તરફ દરકારવાળી જણાતી નથી ત્યારે બેડું માથા ઉપર કઈ સમતુલાથી જળવાઈ રહે છે ? તેની સ્મૃતિથી. તેનું લક્ષ પોતાની ભીતરથી બેડાં તરફ રહે છે. તેવી રીતે તમે સંસારમાં જરૂર પૂરતા ટોળ-ટપ્પાં ભલે કરો. એટલે સંસારમાં આવ્યા છો તો તેનો વ્યાજબી ઉપયોગ તમારે કરવાનો છે. અને સાથે સાથે 'સ્વ'-ની સ્મૃતિનું સમતોલપણું પણ ચૂકવાનું નથી. નટ દોરડાં પર ચાલે છે ત્યારે પ્રેક્ષકોની તરફ નજર ફેરવતો જણાય, તો પણ તે સમતુલા ચૂકતો નથી. તેમાં પણ આ સુરતાનું રહસ્ય છે. અનુભવી સંતોએ સંસારને આવી 'સ્વ'ની સુરતાસહિત ભોગવ્યો છે. કાંઈ સંસારમાંથી નાસી ગયા નથી. અને નાસી ગયેલા પણ 'સ્વ'ની સ્મૃતિમાં પાસ થઇ પાછા મૌખિક પરીક્ષા આપવા તો સંસારમાં આવ્યા જ છે. બુદ્ધ અને મહાવીર પોતાને થયેલું જ્ઞાન કરુણાથી બાંટવા જ્યારે જગતમાં આવ્યા ત્યારે તેમને પણ દર્શન થયું હશે કે જગતમાં જો ઉપયોગની



પ્રમાણસરતા જાળવી હોત તો જગત છોડીને જવાની જરૂર ન હતી. જનક સ્મૃતિ સહિત જગતમાં રહ્યા. એટલે અગત્યની વસ્તુ 'સ્વ'ની સ્મૃતિની છે. પરંતુ વેદાન્તનાં સાધનો જેટલાં સરળ જણાય છે તેટલાં આચરણ માટે કઠિન, દુર્લભ અને તમારા સત્ત્વ સંશુદ્ધિની અપેક્ષા રાખે છે. વેદાન્તની વાતો જેટલી સુગમ છે તેટલી આચરણમાં કેમ મૂકાતી નથી ? તે પ્રશ્ન આપણને હંમેશાં રહ્યા કરતો હોય છે. તેનું એકજ કારણ કે હજુ તમે માનસિક રીતે તેના માટે પરિપક્વ અગર અધિકારી બન્યા નથી. તમારે હજુ વધારે 'સ્વ'ની તરફ ધ્યાન આપનાર બનવાનું છે. તો તમારા સત્ત્વ એટલે અંતઃકરણની શુદ્ધિ થાય, અને આત્માનો પ્રકાશ તમારામાં ઊતરે. પછી તમારે સ્મૃતિ રાખવાની જરૂર ન રહે. આત્માની સ્મૃતિ પછી તો તમારો કેડો પકડે. અને તમે ગમે તેવી પરિસ્થિતિમાં હો પણ તમારી આત્મસ્મૃતિ પછી ચૂકાય નહીં. આ જ વેદાન્તનું વિજ્ઞાન. પહેલાં તમે સત્યની શોધ કરી લો પછી સત્ય તમારા જીવનમાં પોતાની સત્તાથી પાંગરવા માંડે અને તમે તેના કબજામાં જીવવા માંડો, એટલે તમારો અભ્યાસ રેપૂ થયો. કલ્પનાથી પણ આ વાત કેટલી આકર્ષક લાગે છે કે તમારું જીવન જ્યારે સત્ય એટલે પરમાત્મા ચલાવતો હોય તેવું તમને ક્ષણે ક્ષણે સમજાય, તે માનવજીવનનો લ્હાવો શું લેવા જેવો નથી? જનકે આ લ્હાવો પૂરા અર્થમાં લીધો હતો, તેથી તેઓ 'વિદેહી' કહેવાયા. એટલે દેહનું ભાન જેનું વિસ્મૃત થયું છે અને આત્મભાન જાગૃત થયું કે તેથી તે પરમ તત્ત્વના કબજામાં સદાયનું રહેતું પોતે અનુભવે છે. આ જ્ઞાનનો અનુભવ એક રાજાના દેહમાં પણ શક્ય છે તેથી કોઈ પરિસ્થિતિ બાધક નથી. તેનો આપણને ખ્યાલ આવે છે. પરંતુ કેટલી ત્વરા અને આતુરતાથી તેમણે સાધના કરી

હશે તેનો ખ્યાલ રાખી આપણે પણ સાધના તરફ પગ ઉપાડીએ તો કેવું સારું ? સાધના ફક્ત આપણી ચિંતાનો વિષય બની જવાની જરૂર છે. તો જ તમે પરિણામની આશા રાખી શકો.

દરેક મનુષ્યને પરિપૂર્ણ રહેવા માટે દરેકના દેહના કેન્દ્રમાં પ્રભુ પોતે જ વિરાજમાન છે. પરંતુ મનુષ્યને બહાર રહેવાની ટેવને લીધે તે પોતાના કેન્દ્રનું ભાન ચૂકી જાય છે. જો મનુષ્યદેહમાં વસતા પ્રભુને દરેક બાબતમાં આગળ કરે, એટલે પોતાના જીવનનો ધ્રુવતારક બનાવે તો નક્કીપણે તેની દોરવણી મળતી રહે. પરંતુ તે માટે તેને પોતાનામાં શ્રદ્ધા હોવી જોઇએ. દેહની ગતિવિધિ જે કેન્દ્રસ્થ તત્ત્વ તેને આત્મા કહીએ છીએ તે ચલાવતું હોય છે. જીવનની જાગૃતિમાં પણ કામ કરવાનું તમે સોંપો, એટલે તમારાં જાગૃતિનાં દરેક કાર્યો સમર્પણભાવથી કરવામાં આવે તો તે સંભાળવા આત્મા સદા તૈયાર જ હોય છે. સંતોએ આવો અખતરો કરી જોયો તો તેમનાં બધાં કાર્યો પ્રભુએ સંભાળી લીધાના અનેક દાખલા છે. નરસિંહ મીરાના જીવનમાં બનેલા અનેક પ્રસંગો આપણને સુવિદિત છે. પરંતુ આપણો અહંકાર જાગૃતિમાં દરેક કામ પોતે નહીં સંભાળે તો બગડી જશે તેવી અધીરાઇવાળો હોય છે. તેથી સદા સત્યની તરફ પૂંઠ રાખીને જીવવાનું પસંદ કરે છે. આ અહંકારને કારણે મનુષ્ય અનેક શ્રમવાળી સાધનાઓ કરવા છતાં જિંદગીના છેડે તેને માલૂમ પડે છે કે તે સત્ય ચૂકી ગયો છે.

ઓમ્ હરિ ઓમ્ તત્સત્—શાંતિઃ શાંતિઃ શાંતિઃ



# શ્રેયયાત્રા (૨૫)

ભાઇલાલભાઈ છાટબાર

## પ્રથમ સાન્નિધ્યના સમયગાળાના અંતિમ બે દિવસ

વિદાયના આગલા દિવસે તા. ૬–૧૨–૫૨ની બપોરે મહાત્માજીને પ્રેસને ઉતારે જઇ પ્રણામ કરીને બેઠો. તેઓશ્રી ગાદી ઉપર બેઠા છે. ત્રણેક દિવસપર કાંઇક વિસંવાદિતા અંગે મનમાં અણસાર આવ્યો હતો. આજે તે અંગે સ્પષ્ટતા થઇ. વાકેફ થતાં પ્રદ્યુમનભાઇએ તથા મેં પ્રાર્થના કરી સંમતિ મેળવી લીધી.

બહુ સામાન્ય વાત હતી. વિદાયપ્રસંગ સંભાળી લેવાની જવાબદારી અમે ઉપાડી લીધી. યત્કિંચિત સેવા કરવાની તક વિદાય પ્રસંગે અચાનક આવી રીતે અમને સાંપડી. આ પ્રસંગ પણ એક દૈવી સંકેત જ હતો.

અહીંયાં માત્ર ૪૦–૫૦ વ્યક્તિઓ જ પરિચિત થઇ હતી. પરંતુ શ્રોતાવૃંદનું કદ એ કાંઇ કોઈ મહાત્માપુરુષની શ્રેષ્ઠતાનો માપદંડ નથી.

ધર્મપ્રેમી શેઠશ્રી ત્રિભોવનદાસભાઇ લાતીવાળા ભક્તિભાવથી પ્રેરાઇને આવશ્યકતા ઊભી થતાં વાહનસેવા આપતા હતા. તેઓના ઉદારદિલ પુત્ર ભાઈ મથુરભાઇ પાછળના દિવસોમાં પ્રવચનમાં નિયમિત રીતે આવતા હતા. સરકારી હાઇસ્કૂલના નિવૃત્ત આચાર્ય મુ. શ્રી અનંતરાયભાઇ જોશી અને તે વખતના આચાર્ય મુ. શ્રી ચમ્પકભાઈ વ્યાસ કોઈ કોઈ વાર સત્સંગ બેઠકોમાં આવતા રહેતા. અમારું પ્રેમી ચાહકોનું

તેઓશ્રીનો તો જાણે કે પરમતૃપ્તિમાં નિવાસ છે. સમતા અને સ્થિરતા જેમની તેમ છે. તેઓશ્રીની પ્રસન્નતાનો કોઈ પાર નથી. ક્યાંય કોઈપણ પ્રકારે સ્પૃહા કે મમત્વનાં દર્શન થતાં નથી.

બપોરે ત્રણ વાગ્યે અમે કેટલાક ભાઈઓ યુનાઇટેડ પ્રેસના ઉતારાપર પહોંચ્યા. મુ. ભાઈ નરોત્તમભાઇ, મહાશંકરભાઈ, ગોરધનભાઈ, રસિકભાઈ, ભગવાનભાઇ, પ્રદ્યુમનભાઈ વગેરે અમે સૌ હતા. અમે સૌ ઉતારા ઉપરથી સાથે સ્ટેશને ગયા.

મહાત્માજીને સ્ટેશન ઉપર વિદાય આપવા માટે અનેક પ્રેમી ચાહક ભાઇઓ–બહેનો આવ્યાં હતાં.

સાંજે ચાર વાગ્યે મહુવાથી ઊપડતી ટ્રેઈનમાં અમદાવાદ જવા માટે મહાત્માજી અને માતાજી વિદાય થયાં. ચાલતી ટ્રેઇને અમારી સુધી નજર પહોંચે ત્યાંસુધી,કમ્પાર્ટમેન્ટને દરવાજે ઊભા રહીને, મહાત્માજી હાથ હલાવતા રહ્યા.

મનમાં ભાવ ઊઠેલ કે અધ્યાત્મનાં સર્વશ્રેષ્ઠ શિખરો સર કર્યાં છે એવી અમૃતધામ–નિવાસી એક દિવ્ય વિભૂતિ જઈ રહેલ છે. માગશરના કૃષ્ણપક્ષના મધ્યની આ સમી સાંજે અમારા વિદાયવેળાના જયઘોષ સાથે દિશાઓ પણ જાણે જયગાનથી ગુંજી ઊઠી છે અને એનો આનંદધ્વનિ અમારે કાને અથડાઇ રહ્યો છે.

આકાશમાં વિદાયવેળાનો ઉદાસીસભર પવન વાઈ રહ્યો છે. પ્રાણ ચંચળ થઇ ઊઠ્યા છે. હેમન્તના અંતિમ દિવસો છે પણ જાણે શિશિરનો વાયુ મનની કુંપળોને ખેરવી રહ્યો છે.

હૃદયનદીના તીરે તરંગો પર તરંગો ઊઠે છે. મારા મનની વ્યથા કે ખુશી કોઈ સીમાને જાણતી નથી, કોઈ અવરોધને



માનતી નથી. મારા પ્રાણ જાણે નિદ્રા અને જાગરણથી પર બની ગયા છે.

દૃષ્ટિથી ખરા—પરન્તુ મન–પ્રાણ-અંતરથી હરિગિજ નહિ–અદૃષ્ટ જનારના દૂરના સંદેશાનો પારસમણિ મારા પ્રાણને આવીને સ્પર્શશે અને મારી ચેતનામાં આંદોલન જગાવી રહેશે, એની મને પ્રતીતિ છે.

ઉદ્દેશમૂલક અને સીમાબદ્ધ જીવનની સંકીર્ણતાની પીડામાંથી હું મુક્ત બની ગયો છું. એ સીમાના પરિઘનું ઉલ્લંઘન કરી મુક્ત આકાશમાં ઊડવા માટે મને પાંખ સાંપડી છે અને મનમાં ઝંખના જાગી છે.

સાધનામાં હંમેશાં 'પરમ' તથા સદ્‌ગુરુનું હરગૌરીમિલન રહેલું છે. તેમાં શિવ તથા શિવાનીની તેજછાયામય લીલા ચાલી રહી હોય છે. એથી જ દિવ્ય વિશ્વચેતનાનો, વ્યક્તિગત ચેતના–અંશ સાથેનો અંતર્નિહિત ભાવ સમજ્યા વિના સાધના કદી પણ સુફળદાયી ના બની શકે.

ઉન્નત આત્મગૌરવે નમતે મુખે, સુખ–સગવડ છોડીને, 'સ્વ–બોધ'ના દિવ્ય આનંદની ખોજમાં, જેઓ, ધ્યેયસિદ્ધિ માટે લક્ષ્યબિન્દુ તરફ જવાને માર્ગે ચાલ્યા જાય છે, તેઓ મોં ફેરવીને, પાછા વાળવા તરફ જોતા પણ નથી.

મહાત્માજી જતાં જીવનમાં એક ખાલીપો ઊભો થયો છે. સમય–નદીનું એક વહેણ જાણે શિયાળાની એ સાંજે અમારા માટે અટકી પડ્યું છે. સહૃદયી વિકાસોન્મુખ અને પ્રેમી ભક્તજનોને તેઓશ્રીના પ્રવચનોમાંથી અને સત્સંગ-બેઠકોમાંથી જીવનભરનું ભાતું સાંપડેલ છે. છતાં ખાલીપો તો

લાગે છે જ.

મહાત્માજીના અદ્દભુત સ્નેહથી સીંચાયેલું મારું મન એવા અતીન્દ્રિય પ્રેમનો અણુસાર પામ્યું છે, જે મનવાણીથી પરની વસ્તુ છે. કદાચ પૂર્વના ઋણાનુબંધનો કોઇ ગૂઢ રહસ્યમય તાર તેઓશ્રી સાથે મને સંકલિત કરી રહ્યો છે.

આજે જ્યારે વિદાયની વાંસળી બજી ચૂકી છે ત્યારે પ્રેમથી પરિતૃપ્ત મારા મનમાં ગ્લાનિ કે ખેદ નથી. 'પરમ' ની અસીમ અહેતુકી કૃપા અને મહાત્માજીના અખૂટ પ્રેમે મને ઘણું ઘણું આપ્યું છે. વિદાય ભલે રહી પરંતુ તેની પાછળ ચિરમિલન અંતર્ નિહિત છે.

મારું મન આજે અતીત તરફ દોડી રહ્યું છે. શૈશવ, કિશોરવય અને યૌવનના—આંસુ અને આનંદના—એ દિવસો મનની આંખોની સામે ઝૂલાની જેમ ઝૂલી રહ્યા છે.

સદ્દગુરુના શબ્દબ્રહ્મથી આજથી જે આંતરૂયાત્રા શરૂ થઈ ચૂકી છે, તે જ સત્ય છે. એમનું આસન અનુપસ્થિતિના કારણે ખાલી દેખાતું હોવા છતાં, મારા અંતરના અંતરતમમાં નિત્ય છે. એમનાં પદચિહ્ન વારંવાર મારા અંતર આકાશમાં અંકિત થતાં રહેશે અને મારા અંતરના બારણે એનો પદધ્વનિ સંભળાતો રહેશે. પદચિહ્ન અંકિત થવાનાં છે અને પદધ્વનિ સંભળાતો રહેવાનો છે, એ નિશ્ચિત છે.

બ્રહ્માંડના આ પુરુષનું વિરાટ વ્યકિતત્વ પૃથ્વીની પરિમિત પરિધિમાં શી રીતે સમાઈ રહી શકે ? બ્રહ્માંડના આ પુરુષ માટે બ્રહ્માંડના અલ્પાંશ સમી આ પૃથ્વી નાની પડે એ સહજ છે.

—હરિ ૐ—



# મન અને તેની શક્તિ ✓

નારાયણભાઈ હ. જાની.

માણસની સમગ્ર પ્રવૃત્તિઓનું કેન્દ્ર ને ચાલક બળ મન છે. આ મનની શક્તિઓ ઘણી બધી છે પરંતુ માણસને તેનો પૂરો પરિચય નથી. માણસ પોતાના મનની આ શકિતઓની ખીલવણી કરી શકે છે. આવી રીતે વિકસિત કરેલી શકિતઓનું ઉદાહરણ આપણને શતાવધાની કે સહસ્રાવધાની વ્યક્તિઓના પ્રયોગો જોતાં થાય છે.

મન ઉપર માણસના વિચારોની અસર પડે છે. માણસ જેવા વિચારો કરે તેવો બને છે. જેને સંસ્કૃત સાહિત્યમાં 'કીટ ભ્રમર ન્યાય' કહે છે. એટલે માણસે હંમેશાં સારા, ઉમદા અને પવિત્ર વિચારો કરતા રહેવું જોઇએ, જેથી એનું મન પણ ઉચ્ચ ભાવોમાં રમતું રહે ને એનું જીવન સારું બને.

માણસે ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નિરાશ ન થવું જોઈએ. એક વાર નિરાશાએ જો તમારા મનનો કબજો લઈ લીધો, તો તમે જરૂરથી માનજો કે જીવનમાં તમે ફરી કદી આશાવાદી નહિ બની શકો. નિરાશાને ખંખેરી નાંખવા માટે માણસે આશાવાદી વિચારોને સ્થાન આપવું તેમજ સદાય પુરુષાર્થી બન્યા રહેવું જરૂરી છે, કારણ કે કોઇ પણ પરિસ્થિતિ એવી નથી જેમાંથી માર્ગ ન નીકળી શકતો હોય.

માણસની ખરી શકિતઓની કસોટી ને ખીલવણી, મુશ્કેલી પરિસ્થિતિઓ કે આફતના સમયે જ થતી હોય છે. આપણે એવા ઘણા પ્રસંગો જીવનમાં જોતા હોઇએ છીએ. અહીં આપણે એવોજ એક પ્રસંગ જોઇશું.

માન્યામાં ન આવે તેવી એ વાત છે. પરંતુ તે ખરેખર એક સત્ય ઘટના છે ને તે અમેરિકાની છે. મહાન અમેરિકન લેખક ડાલ કાર્નેગીના How to stop worrying and start living 'ચિન્તા મુક્ત થઇ સાચી રીતે 'કેમ જીવવું' પુસ્તક-માંથી આ પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે.

અમેરિકામાં પ્રજાના આંતરવિગ્રહ પછીનો સમય છે. ઓક્ટોબર માસની કકડતી ઠંડીની મોસમ છે. આવી રાત્રિના સમયે એક અતિ દુબળી, નાજુક સ્ત્રીએ ધીમેથી એક ઘરનાં બારણે ટકોરા માર્યા. એ ઘર હતું શ્રીમતી વેબ્સ્ટરનું. તેઓ એક નિવૃત્ત દરિયાઈ કેપ્ટનના પત્ની હતાં અને મેસેચ્યુસેટ્સ-ના પરા એમ્સબરીમાં રહેતાં હતાં.

શ્રીમતી વેબ્સ્ટરે બારણું ઉઘાડયું તો તેમની નજર એક નાજુકને અતિ દુર્બળ સ્ત્રી ઉપર પડી એનું શરીર એટલું બધું દુબળુ હતું કે એનું વજન ભાગ્યેજ ૧૦૦ રતલ જેટલું હશે !

અજાણી સ્ત્રીએ ધીમેથી કહ્યું "મારું નામ શ્રીમતી ગ્લોવર છે. મારે હાલ કોઈ આશ્રય નથી અને હું એક પ્રશ્ન વિષે રાત દિવસ ચિન્તાગ્રસ્ત છું. મારે આશ્રય જોઇએ છે. આપ મને તે આપશો ?"

શ્રીમતી વેબ્સ્ટરે કહ્યું, 'જરૂર હું આવડા મોટા મકાનમાં એકલીજ રહુ છું. તમે અહીં મારી સાથે સુખેથી રહી શકો છો.' આમ શ્રીમતી ગ્લોવરને આશ્રય તો મળ્યો અને કદાચ તે ઘણા લાંબા સમય સુધી ચાલુ રહ્યો હોત; જો શ્રીમતી વેબ્સ્ટર-ના જમાઈ શ્રી બીલ ઈલીસ રજાઓમાં ત્યાં આવ્યા ન હોત તો !

શ્રી બીલ ઈલીસ ન્યુ યોર્કમાં રહેતા હતા. તેમને પોતાની



સાસુ સાથે એક અજાણી સ્ત્રીને રહેતી જોઈને પ્રથમ અ[illegible]ંબો થયો. પરંતુ જ્યારે એમને ખબર પડી કે શ્રીમતી [illegible]લોવર એક નિરાધાર ઘરબાર વગરની સ્ત્રી છે, ત્યારે તો [illegible]મના ગુસ્સાનો પાર ન રહ્યો. આવી ઘર બહાર વગરની ર[illegible]ખડુ સ્ત્રીને આશરો આપવા માટે એમણે શ્રીમતી વેબ્સ[illegible]નો, શ્રીમતી ગ્લોવરની હાજરીમાં જ, ભારે ઉધડો લીધો ! [illegible]ટલું જ નહિ, પરંતુ એક પળના પણ વિલંબ વિના એમને ઘર બહાર તગડી મૂક્યાં ! અને તે પણ કેવી કપરી સ્થિ[illegible]માં જ્યારે બહાર મૂષળધાર વરસાદ પડી રહ્યો હતો. [illegible]મજ પવન સૂસવાટા કરતો વાતો હતો. પરંતુ શ્રીમતી [illegible]લોવર બીજું કરે પણ શું ! એમણે વરસતા વરસાદમાં ધીમે [illegible]ધીમે ચાલવા માંડ્યું. શરદી ને પવનને લીધે એમનું આખું [illegible]ંગ ધ્રૂજતું હતું. પરંતુ અત્યારે જ બીજો આશ્રય શોધ્યા સિ[illegible]વાય છૂટકો ન હતો.

જીવનમાં કેટલીક ઘટનાઓ એવી અકળ રીતે બ[illegible]નતી હોય છે કે એની પાછળ રહેલ રહસ્યનો ભેદ માણસને [illegible]વટે સમજાય છે. શ્રીમતી ગ્લોવરના જીવનમાં પણ એમજ [illegible]ન્યું.

શ્રી બીલ ઈલીસે જેને રખડુ સ્ત્રી કહીને ઘર બહાર ત[illegible]ગડી મૂકી હતી તે સ્ત્રી સમગ્ર દુનિયાની વિચારસરણિ ઉપર [illegible]સર કરનારી એક મહાન સ્ત્રી સંત બની રહી. એ પણ વિ[illegible]ધિની વિચિત્રતા જ ગણાય ને ! આજ શ્રીમતી ગ્લોવર પછી લા[illegible]ખો અનુયાયીઓ ધરાવતી "ક્રિશ્ચિયન સાયન્સ" નામના ધ[illegible]ર્મિક સંપ્રદાયની સંસ્થાપક મેરી બેકર એડી તરીકે ખ્યાતિ પ[illegible]ામી.

અત્યાર સુધી એમણે જીવનમાં માંદગી, દુઃખ ને કરુ[illegible]ણતા સિવાય બીજાનો બહુ ઓછો અનુભવ કર્યો હતો. યુવા[illegible]ીમાં પ્રવેશતાં એમણે જે પ્રથમ લગ્ન કર્યું હતું, એ પતિ ટૂંક સ[illegible]મય-

માંજ મરણ પામ્યો હતો. એમના બીજા પતિએ પણ એનો પરિત્યાગ કર્યો હતો. કારણ કે તે બીજી પરિણીત સ્ત્રીના પ્રેમમાં હતો. તેનું પણ ગરીબ હાલતમાં થોડા સમયમાં જ મૃત્યુ થયું. તેને માત્ર એક દીકરો જ હતો અને તે જ્યારે માત્ર ચાર વર્ષનોજ હતો ત્યારે એને ગરીબાઇ, માંદગી ને બીજી અસહાયતાને લીધે ત્યજી દેવો પડ્યો હતો. આ પુત્રની ભાળ એમને એકત્રીસ વર્ષ સુધી ન મળી.

પોતાની સતત માંદગીને લીધે, શ્રીમતી ઇડ્ડી વર્ષો સુધી, "મનની સાજા કરવાની શકિતનું વિજ્ઞાન" વિષે ખૂબ રસ ધરાવતાં. પરંતુ એ માટેનાં જીવનમાં નાટયાત્મક વળાંક લાવનારી ઘટના તો મેસેચ્યુસેટસના લીન વિસ્તારમાં બની.

સખત ઠંડીના દિવસોમાં, એક દિવસ તેઓ ચાલી રહ્યાં હતાં ત્યારે લીસી પડથાર ઉપર એમનો પગ લપસી ગયો. અને બરફથી આચ્છાદિત ફૂટપાથ ઉપર પછાડાતાંજ તેઓ બેભાન બની ગયાં ! એમની કરોડરજ્જૂમાં એવી ભયં·કર ઈજા થઇ કે એમને આંચકીઓ આવવા માંડી. એમની સારવાર કરતા દાકતરોએ પણ આશા છોડી દીધી. તેઓને લાગ્યું કે જલદીથી એમનું મૃત્યુ થઇ જશે.

અગર કોઈ દૈવી ચમત્કારથી તેઓ કદાચ જીવી જશે, તો જીવનમાં ફરી કદી ઊભા થઈ ચાલી શકશે નહિ.

જ્યારે તેઓ ભાનમાં આવ્યાં ત્યારે તેઓ મૃત્યુશય્યા ઉપર પડેલાં હતાં. આમ છતાં શ્રીમતી મેરી બેકર ઈડ્ડીએ પોતાનું બાઈબલ ઉઘાડ્યું. અને એમના કહેવા પ્રમાણે એમને સેંટ મેથ્યુના પ્રકરણના નીચેના શબ્દો વાંચવાની દૈવી આંતર પ્રેરણા મળી. એ પાના ઉપર શબ્દો હતા, "અને જુઓ



તેઓ લકવાની બિમારીવાળા માણસને ઉચકીને લાવ્યા છે. ને તેને પથારી ઉપર સુવાડ્યો છે; અને પછી જીસસ ક્રાઈસ્ટે તે લકવાની બિમારીવાળા માણસને કહ્યું, 'મારા વ્હાલા પુત્ર! તું ખુશ થા. તારાં પાપોની એણે (પ્રભુએ) માફી આપી છે. માટે બેઠો થા. ને તારા બિછાના સાથે, તારા ઘરે ચાલ્યો જા.' બસ આ શબ્દો સાંભળતાંજ તે દર્દી ઊભો થઇને પોતાના ઘર ભણી ચાલવા માંડ્યો." કેવો અદ્‌ભુત ચમત્કાર એણે કહ્યું, "આ શબ્દો વાચતાંની સાથે, મારામાં એવી અજબ શક્તિનો સંચાર થયો, એવી પ્રબળ શ્રદ્ધા પ્રકટી અને સાજા થવાની શકિતનું એવું તો પ્રબળ મોજું ઊઠ્યું કે તે તુરત જ હું મારી પથારીમાંથી ઊભી થઈને ચાલવા માંડી."

ભગવાન જીસસ ક્રાઈસ્ટના શબ્દોની કેવી અદ્‌ભૂત અસર શ્રીમતી ઈડ્ડીના મન ઉપર થઈ કે પછડાવાથી જે શારીરિક પરવશતા એમને પ્રાપ્ત થઈ હતી તેને એકજ ઝાટકે ખંખેરી નાંખીને તેઓ ઊભાં થઈ ગયા.

શ્રીમતી ઈડ્ડીએ પાછળથી જાહેર કર્યું કે "બસ, તે અનુભવે જેમ વૃક્ષ પરથી નીચે પડતા સફરજને ગુરુત્વાકર્ષણ નિયમની શોધ માટે સર આઈઝેક ન્યૂટનને પ્રેરણા આપી, તેમ મને પોતાની મેળે કેમ સારા થવાય અને બીજાઓને પણ કેમ સારાં કરાય તેની શોધ માટે પ્રેરણા પૂરી પાડી. એના દ્વારા મને વૈજ્ઞાનિક રીતે પ્રતીતિ કરાવાઈ કે આ બધું મનનુંજ કારણ છે અને દરેક શારીરિક અસર એ માત્ર માનસિક ઘટનાનો ભાગ છે.

આ રીતે શ્રીમતી મેરી બેકર ઇડ્ડી એક નવા ધર્મની મહાન સંસ્થાપક ને પ્રચારક બની. આજે પણ ક્રિશ્ચિયન સાયન્સ એ એક સંતે પ્રસ્થાપિત કરાયેલો દુનિયાભરમાં ફેલાયેલો મહાન ધર્મ છે.

## બોધનાં વેણ

(કુન્તા અભિમન્યુને બાંધે અમર રાખડી રે........એ ઢાળ)

વહાલાં, ધરજો હૈયે વેણો બે સ્નેહનાં રે,
વહાલાં, જીવનજળનાં વહેજો નિર્મળ ઝીલણાં રે.

આ તો વિષમય છે સંસાર,
તેને પામ્યા વિરલા પાર,
જીવનવ્રત છે અસિની ધાર,
સંશય ઊઠશે વારં વાર;
તોયે ધીરજ ધરીને જીવનનો હંકારજો રે,
શ્રદ્ધા રાખી પ્રભુમાં જીવન રંગે રેલજો રે.

આ તો કાંટાળો છે પંથ
છોડી દેજો તેનો તંત
ખીલ્યાં ફૂલની લેજો ગંધ
આંખો છતાં થશો ના અંધ;
વહાલાં, સુખદુઃખને સમજીને ધારણ રાખજો રે,
કડવા ઘૂંટડા પીને ચૂપ રહી રસ માણજો રે.

રહેજો ખડાં હો ખબરદાર,
ઝીલજો જગના સૌ પડકાર;
ખૂંપશો કાદવમાં ન લગાર,
થઈને સાચાનાં રખવાળ,
વહાલાં, કમર કસીને ધાજો રણને મોરચે રે,
ડરનાં માર્યાં પડશો પાછાં ના, જય જય થશે રે.



સ્મરજો જીવનના ભરથાર,
એ છે એક જ ઉગારનાર;
ભીડીને હમા થજો તૈયાર,
મરીને તરજો આ સંસાર,
વહાલાં હૈયે પ્રેમળમૂર્તિ એની સ્થાપજો રે,
એનાં ચરણે જીવનનો રસ થાળ ધરાવજો રે.

શ્રી જયંતીલાલ આચાર્ય

---

\+ મરીને=મરજીવા થઇને.

## શ્રેષ્ઠ કોણ ?

એક સમે જનકની રાજસભા વિષે બેઉ
નારદજી શુકદેવ સાથમાં પધારિયા
બાલબ્રહ્મચારી બેઉ શ્રેષ્ઠ કોણ? જનકને
થયું, કહ્યું રાણીજીને ભેદ એ પ્રમાણવા.

દીવાનખાનાની મહીં બેઠી ત્રણ વિભૂતિઓ,
સુનયના રાણીજી તો પ્રસાધન મન્દિરે.
સોળ શણગાર સજ્યા, સોજ્જા એવા વેષ ભજ્યા,
હંસ ગતિ, સ્થિર મતિ, પ્રવેશિયાં ધીરે ધીરે.

આવીને સહજ ભાવે બેઠાં બ્રહ્મચારી બિચ,
પાષાણની જેમ શુકદેવ રહ્યા અવિચલ.
વિચારે નારદમુનિ : 'બાલ-બ્રહ્મચારી, મારું,
વ્રત નંદવાય' મચી અન્તરમાં હલચલ.

રાણીજીએ ભેદ લહ્યો, વિદેહને કહ્યો આમ :
'શુકદેવ શ્રેષ્ઠ' જેમાં ભેદનું ન મળે નામ.

ડૉ. રણજિત પટેલ (અનામી)



# પ્રકાશના પંથે

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## ટિહરીને રસ્તે

પર્વતના પંથની પેઠે જીવનનો પંથ પણ સદાને માટે સરળ, સીધો ને સાફ હોય છે એમ નથી. જીવન અને પર્વત બન્નેના એક તદ્દન સાધારણ પરિચિત પુરુષ તરીકે હું આગળ ને આગળ વધ્યે જતો હતો. ટિહરીનો આ માર્ગ જરા મુસીબત વાળો છે. વિકસેલો નથી. આ માર્ગે ધર્મશાળાની વ્યવસ્થા બહુ સારી નથી. સાંજનો સમય થવા આવ્યો. સાંજની શોભા કેવી અનેરી છે ? ઉષા ને સંધ્યા બન્ને કુદરતની કવિતા છે.

થોડીવારમાં બધે અંધારું ફરી વળ્યું. એટલામાં બે પુરુષ ને એક સ્ત્રી ઝડપથી માર્ગ કાપતાં મારી સાથે થઈ ગયાં. "તમારે ક્યાં જવું છે ?" 'ટિહરી' મેં જવાબ આપ્યો. 'ટિહરી' ? એ તો હજી અઢારથી વીશ માઇલ દૂર છે નજીક-માં કોઈ ધર્મશાળા પણ નથી. અમારું ગામ અહીંથી એકાદ ફર્લાંગ જ દૂર છે. તમે ત્યાં ચાલો. અમારે ત્યાં તમને કોઈ તકલીફ નહીં પડે સમજ્યા ?'

ઈશ્વરની પ્રેરણા માનીને મેં એમના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો. લગભગ અર્ધા કલાકમાં અમે પર્વત પર વસેલા નાનાસરખા ગામમાં આવી પહોંચ્યા. મારી સાથેના માણસો સાથે મેં એક નાનાસરખા ઘરમાં પ્રવેશ કર્યો. મને પ્રેમથી

બેસવાનું કહી પછી તેમણે તાપણી સળગાવી. ઠંડીને દૂર કરતાં અમે વાતે વળગ્યા.

એક જણે પૂછ્યું 'બાબા, આટલી નાની ઉંમરમાં સાધુવેશ કેમ ધારણ કર્યો ?'

મેં કહ્યું : "ઈશ્વરની ઇચ્છા. આ માનવજીવન મહાદુર્લભ છે. નાની ઉંમરમાં પ્રભુપ્રાપ્તિને માર્ગે વળવાથી વહેલામાં વહેલી તકે શાંતિ ને મુકિત મેળવવાનો અવકાશ રહે છે તે મોટી ઉંમરે પ્રભુની કૃપાનું પેન્શન મળે તે ભોગવવાનું બાકી રહે. યુવાનીને અમારે ત્યાં ગદ્ધાપચ્ચીસી કહેવામાં આવે છે. તે દરમ્યાન જે મન અને ઇન્દ્રિયોને સંયમમાં રાખીને ઈશ્વરની કૃપા પામવાનો પ્રયાસ કરે છે તે કાંઇ ઓછો બહાદુર નથી સાચા અર્થમાં તેજ શૂરવીર છે."

તેમના પ્રેમ ને આગ્રહને માન આપીને મેં ભોજન કરી એ જ ઓરડામાં આરામ કર્યો. સવારે પણ મને સ્નાનાદિકથી પરવારીને જવા ન દીધો. જમાડીને પછી, હું સામાન સાથે બહાર નીકળ્યો ત્યારે તેમણે મને પૈસા આપવા પ્રયાસ કર્યો. "આ પૈસા રસ્તામાં કામ આવશે, નહીંતર સાંજે ટિહરી પહોંચીને દૂધ પી લેજો."

પર્વતના એકાંત પ્રદેશમાં રહેનારા એ ગ્રામજનનો પ્રેમ ખરેખર મારા હૃદયને સ્પર્શી ગયો પણ મારે તેમની સંસ્કારિતાનો ગેરલાભ ઉઠાવવો ન હતો તેથી મેં પૈસા લેવા ના પાડી. છેવટે તે પણ સમજી ગયા.

હજી મારે મોટું અંતર કાપવાનું હતું. તેથી મેં બનતી ઝડપે ચાલવાનું શરૂ કર્યું. રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં એક માણસ મારી પાછળ પડ્યો. 'બાબા' મને તમારો શિષ્ય



બનાવી સાથે લઇ લ્યો.' મેં તેને કહ્યું : 'હું તો હજી સાધારણ દશામાં છું. સૌને ગુરુભાવે જોયા કરું છું. કોઈનો ઉદ્ધાર કરવાની મારી શકિત નથી'

મારા શબ્દોને શાંતિપૂર્વક મને કે કમને સાંભળ્યા પછી એણે પૂછ્યું : "આટલા વહેલા કયાંથી આવ્યા ?" મેં એના કુતુહલને શાંત કરવા મારા રાત્રિનિવાસની વાત કરી. તો એના આશ્ચર્યનો પાર ન રહ્યો. "તમે કયા ગામની વાત કરો છો ?" તે તરત જ બોલ્યા : "સ્વપ્નના કે જાગૃતિના ?" 'જાગૃતિનાં'. 'તમને સ્વપ્ન તો નહોતું આવ્યું ? અહીં આસપાસના વિસ્તારમાં કેટલાક ગાઉ સુધી ગામ જ નથી. આ પ્રદેશમાં જન્મ્યો ને મોટો થયો છું એટલે મને બધી માહિતી છે. એ તો ઠીક છે કે તમે, આ વાત મને કહી છે. બીજા કોઇને કહી હોત તો ગાંડપણમાં ખપાવત.'

એની સાથે દલીલો કરવાનો કશો અર્થ ન હતો એટલે મૌન રાખી ઈશ્વરનું સ્મરણ કરતો અને એના અલૌકિક અનુગ્રહને વિચારતો હું ટિહરીના રસ્તે આગળ વધ્યો. ઇશ્વર માટેની મારી શ્રદ્ધાભક્તિમાં આથી અભિવૃદ્ધિ થઈ.

ટિહરી આવ્યું ત્યારે સાંજ પડવાની તૈયારી હતી. ગંગા પરના પૂલને પાર કરીને હું ગામમાં પહોંચ્યો કે મને એક કોલેજમાં ભણતો વિદ્યાર્થી મળ્યો. તે મને એક ધર્મશાળામાં લઇ ગયો. પણ તે મને પસંદ ન પડવાથી છેવટે મને લઈને બદરીનાથનાં મંદિરમાં આવ્યો. ત્યાંની ધર્મશાળામાં મારે માટે રહેવાની વ્યસ્થા થઇ ગઈ.

ટિહરીમાં બદરીનાથ ને કેદારનાથ બન્નેનાં મંદિરો આવેલાં છે. બન્ને મંદિર છેક પાસે પાસે જ આવેલાં છે.

ટિહરી ગામ પર્વતના બીજા ગામોના પ્રમાણમાં મોટું છે, મેં તે ગામની મુલાકાત લીધી ત્યારે ઇ. સ. ૧૯૪૪નું વર્ષ ચાલી રહેલું; મને બાવીશ વર્ષ પૂરાં થયેલાં.

કેદારનાથનાં મંદિરમાં એક કુરુક્ષેત્રના મહાત્મા રહેતા હતા. ટિહરીના શાંત વાતાવરણમાં ગાયત્રીનું અનુષ્ઠાન કરવાનો તેમનો વિચાર હતો. પણ આવતાંવેંત જ ટિહરીમાં તેમને કડવો અનુભવ થયો તેમના છસ્સો રૂપિયા કોઇ મંદિરની ઓરડીમાં ચોરીથી ગયું. હિમાલયનું દર્શન કર્યા પછી મને પણ સમજાયેલું કે પહેલાનું વાતાવરણ ગમે તેવું હોય અત્યારે તો હિમાલયનું વાતાવરણ પણ બહુ વખાણવા જેવું નથી. ચોરી, વ્યભિચાર, જૂઠ, કપટ અને અનીતિનું વાતાવરણ હિમાલયમાં પણ હવે સારી પેઠે ફેલાવા લાગ્યું છે. જ્યાં જ્યાં માનવી ને તેનું મન છે ત્યાં ત્યાં મનમાં સારા ને નરસાં બધાં તત્ત્વોનું દર્શન સહેજે થયા કરે છે મંદિરના પૂજારીઓને મારા પર પ્રેમ થવા માંડયો. પરિણામે મને મંદિરમાં બંને વખત ભોજન મળવા માંડયું.

ટિહરીમાં રહેવાનું થાય ને સ્વામી રામતીર્થને કેમ ભૂલાય ? આ પ્રદેશોમાં તે રહ્યા હતા એટલું જ નહીં, તેમનું શરીર પણ આ પ્રદેશમાં જ છૂટી ગયેલું. ધર્મને તત્ત્વજ્ઞાનની ગંગાજમનાને ભારતમાં જ નહીં પણ ભારતની બહાર પણ વિપુલતાથી વહેતી કરનારા જે આંગળાને વેઢે ગણાય એટલા થોડા મહાપુરુષો આ દેશમાં છેલ્લાં થોડાં વર્ષોમાં થયા તેમાં વિવેકાનંદની જેમ જ સ્વામી રામતીર્થનું નામ પણ ખાસ યાદ રાખવા જેવું છે. અમેરિકાના લોકોને તેમણે એટલા મુગ્ધ કર્યા હતા કે તેઓ તેમને ઇસુની સાથે સરખાવતા.

ટિહરીમાં સ્વામી રામતીર્થ ટિહરીના રાજાની ઇચ્છાથી જે મકાનમાં રહેતા તે મકાન બતાવતા મને એક જાણકાર ભાઈ લઇ ગયા.



રાજાના એ મકાનનું દર્શન કરી મને આનંદ થયો. પછી માહિતી મળી કે સ્વામી રામતીર્થ જીવનના છેલ્લા દિવસોમાં જે સ્થાનમાં રહેલા ને જ્યાં એમણે સમાધિ લીધી એ સ્થાન તો બીજું જ છે. સીમલાસુ ગામની પાસે આવેલ તે સ્થાન એકદમ એકાંતમાં છે.

સ્વામી રામતીર્થના એ બીજા સ્મૃતિ સ્થાનમાં પહોંચ્યા ત્યારે બપોરનો વખત હતો. સ્વામીજીની સ્મૃતિરૂપે એક નાનું સરખું મકાન ત્યાં ઊભું હતું. બાજુમાં એક બીજું મકાન હતું. તેમાં નાની સરખી સુંદર ગુફા હતી. પાસે ગંગા વહેતી હતી. નાથ સંપ્રદાયના થોડા સાધુ ત્યાં ઝૂંપડી બાંધીને રહેતા હતા. ગંગાકિનારે કાળા પથ્થરોની કતાર થયેલી, પાણીની અંદર પણ મોટા મોટા પથ્થર હતા. એક પથ્થર પર મેં ચાલવા માંડયું કે તરત જ મારો પગ લપસી ગયો. મને તરત જ યાદ આવ્યું કે સ્વામી રામતીર્થનો પગ પણ આમ જ લપસી ગયો હશે. એમના અંતકાળની ઘટના મારી સામે તાજી થઈ.

કહે છે કે દિવાળીને દિવસે સવારે નિત્યકર્મથી પરવારી તે સ્નાન કરવા ગયા ત્યારે તેમનો પગ લપસી ગયો ને તે પાણીમાં વહેવા માંડ્યા. તે મોટા તરવૈયા હતા પણ પાણીનો વેગ સખત હતો. તે તેથી પણ વધુ મહત્ત્વનો મુદ્દો એ હતો કે તેમના શરીરની શાંતિનો સમય નજીક આવેલો તેથી એમનું શરીર વહેતું જ રહ્યું. સાવધાન બનેલા સ્વામીજીએ તરત જ આત્મબળને એકઠું કરી પદ્માસન વાળી લીધું અને ઓમકારનો ઉચ્ચાર કરીને મનને પરમાત્મામાં જોડી

દીધું. તેમનું શરીર પ્રવાહિત થતું થતું. છેવટે કેટલેક દૂર એક ઠેકાણે ગુફા જેવું હતું ત્યાં અટકી પડયું. તેમના ભક્તોએ પાછળથી શોધ કરીને તેનો પત્તો મેળવી લીધો.

સ્વામીજીનું શરીર પગ લપસી જવાથી પાણીમાં પ્રવાહિત થઇને શાંત થઈ ગયુ કે પછી સ્વામીજીએ પોતાની મેળે સ્વેચ્છાથીજ સમાધિ લીધી, અથવા શરીર છોડયું તે વિશે ભક્તોમાં મતભેદ છે. ગંગામાં સ્નાન કરવા ગયા તે પહેલાં તેમણે જે લખાણ લખ્યું છે તેના પરથી પણ ખાતરી થાય છે કે તે પોતાના વ્યક્તિગત નામરૂપનો ત્યાગ કરીને સમ–ગત પરમાત્મામાં કાયમ માટે મળી જવા માગતા હતા.

માણસનું શરીર કેવી રીતે છૂટે છે તે વાત કરતાં શરીર છૂટતી વખતે તેની મનોવૃત્તિ કેવી રહે છે તે વાત વધારે મહત્ત્વની ને રાખવા જેવી છે. તે પરથી જ તેની મહત્તા કે શ્રેષ્ઠતાનું માપ કાઢી શકાય. મહાત્માગાંધીજીને અંતકાળે ગોળી વાગી. તેનું કારણ કર્મના નિયમ પ્રમાણે ગમે તે હોય. પણ તે વખતે પણ તેમની વૃત્તિ શાંત રહી શકી, પ્રભુમાં લાગી શકી, ને તેમના મુખમાંથી 'રામ' નું નામ નીકળી પડયું તેજ તેમની મહત્તા. તેથી જ બાહ્ય દૃષ્ટિએ ભીષણને અમંગલ લાગતી મૃત્યુની પળ પણ તેમને માટે મંગલ થઇ શકી. સ્વામીજી પરમાત્મમય હતા તે અંતકાળે પણ તેવા જ રહ્યા. પદ્માસન વાળી તેમણે ઓમ્કારનો ઉચ્ચાર કર્યો હતો એ નિર્વિવાદ વાત છે. તે જ તેમની મહાનતા, તેનો વિચાર કરવાથી તેમની લોકોત્તરતાનો ખ્યાલ આવશે. અને તેમને માટે માન જાગશે.

ગંગા તટ પર ફરતાં ફરતાં ભારતનાએ મહાપુરુષના જીવનને મેં પ્રેમથી યાદ કર્યું ને એમને અંજલિ આપી.



# સત્યસાઇ બાબા

પ્રપન્નલાલ કાજી

તા. ૨૨-૧૧-૧૯૨૬ની રાત્રે મને કારાવાસની કોટડીમાં પ્રકાશ પ્રકાશનો ફેલાવો દેખાયો. શ્રી કૃષ્ણચેતનાનો આવિ-ર્ભાવ થયો છે–એક વ્યક્તિનો જન્મ થયો છે. આખા વિશ્વમાં જે અધ્યાત્મનો પ્રકાશ ફેલાવશે, હજારોની સંખ્યામાં લોકોને મંત્રમુગ્ધ કરશે. શ્રી અરવિંદ એમના 'મધર' નામના પુસ્તકમાં આવા પ્રકારનો ઉલ્લેખ કરે છે.

તા. ૨૩-૧૧-૧૯૨૬ મંગલ પ્રભાતે બાબાનો જન્મ નાના સરખા આંધ્રપ્રદેશમાં આવેલા ગામડામાં થયો. ત્રીસ વર્ષ પર આ નાનકડું ગામડું પુટ્ટપાર્થી નામનું હતું. આજે અદ્યતન સુવિધાવાળું એક નગર બન્યું છે. એક વ્યક્તિના નિવાસથી આટલું મોટું પરિવર્તન એ એક અદ્ભુત બીના છે. ઘણાં ભારતીયો તથા પરદેશીઓ ત્યાં નિવાસ કરે છે.

દર વરસે ત્યાં સાઇ વિશ્વસંમેલન ભરાય છે, તેમાં દશ-હજાર ઉપરાંત દેશ પરદેશના વિશ્વમાં આવેલા ૨૫૦૦ ઉપ-રાંત સાઇ કેન્દ્રના પ્રતિનિધિઓ તેમજ બીજા હજારો ત્યાં આવે છે.

સાઈ યુનિવર્સીટી સ્થાપવામાં આવી છે. તેની કોલેજો અને શાળાઓ અનેક છે, બાબા પોતે કદી પણ નાણાં સ્વી-કારતા નથી કે માંગતા નથી

સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ એ એમના સંદેશના ચાર પાયા છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ ભગવતી એમના પરમ ભકત છે. એ એમને પ્રભુના અવતારરૂપ માને છે. એમના અમદાવાદ-

ના બંગલામાં બાબાએ ચાર દિવસ નિવાસ કર્યો ત્યારે એમના અંગત સંબંધમાં એ આવ્યા છે. એમના અંગમાંથી પ્રેમનો સ્રોત વહે છે. એમની હાજરીથી માનવતું દિવ્ય રૂપાંતર થાય છે. દરેકમાં પ્રભુ છે પણ એ હકીકત એ વિસરી જાય છે. બાબા હંમેશાં "આત્મસ્વરૂપો" એવું સંબોધન વાપરી પ્રવચન શરૂ કરે છે. ઘણી ભાષાઓ ઉપરાંત સંસ્કૃત અને અંગ્રેજીમાં પૂર્ણ નિષ્ણાત હોવા છતાં એમની તલપદી ભાષામાં જ પ્રવચન કરે છે. એનું ભાષાંતર સ્ટેઇજ પર ડૉ. ભગવન્તમ્ ઓસ્માનીયા યુનિ. ના કુલપતિ અને વિજ્ઞાનના સલાહકાર તરીકે ભારત સરકારમાં ડિફેન્સમીનીસ્ટ્રીમાં નોકરી કરનાર હતા એ કરે છે. જરા ભાષાંતરમાં ભૂલ હોય તો બાબા અંગ્રેજીમાં તે સુધારે છે. એમના પરમ ભકતોમાં મોટા મોટા ન્યાયાધીશો તથા મિનિસ્ટરો તથા ડૉકટરો વિ૦ છે.

એમના ચમત્કારોને સમજવામાં સાધારણ બુદ્ધિ જીવીઓ શંકા સેવે છે. આવું એક પ્રકારના પેટભરૂ જાદુગરો કરે છે. કેટલાક તપસ્ વિ. ની સિદ્ધિથી સંતો કરે છે તે બીજા પ્રકારના છે. અને ત્રીજા પ્રકારના જન્મજાત અવતારી દેવદૂતો કરે છે એ લીલા છે. દ્રૌપદીના ચીરસંપાદનની કૃષ્ણ લીલા છે. બાબાની આવી લીલા છે. આકાશમાં મેઘધનુષ રંગબેરંગી અને સીધું એ બતાવે છે. રોગો સારા કરે છે. એમના હાથમાંથી મંગલસૂત્ર વીંટીઓ વિભૂતિ સમી અનેરી વસ્તુઓ અને દરેક પ્રકારના ફૂલફળો અને કીમતી ઝવેરાત પણ એ આપે છે. તા. ૧૭–૫–૭૬ ના રોજ સોમનાથના મંદિરમાં શિવલિંગ સ્થાપ્યું છે અને સોનાના ફૂલો પણ ચઢાવ્યાં છે– મુન્શીજી એમના પરમ ભકત હતા એમની મૃત્યુ તારીખ અને સમય એમણે લીલાવતી મુન્શીને અગાઉથી આપ્યો હતો.



લંડનમાં વિદ્યાભવનની શાખા એમના કહ્યા પ્રમાણે એમની આશિષથી મુન્શીજીને આગાહી કરી તેથી સ્થાપી છે. આજના બહિર્મુખી વિદ્વાનોને આંતરજીવનના બીનઅનુભવી હોવાથી આ બધું માનવા જેવું લાગતું જ નથી.

શીરડી સંતનો પોતે બીજો જન્મ છે એમ કહે છે. અને મને એક બહેને જે કેનેડાની ડીગ્રીવાળાં અને પવઈમાં પ્રોફેસર તરીકે કામ કરે છે, તેણે પોતાના બાળપણની પિતાની તમામ હકીકતો બાબાએ શીરડીમાં બનેલી હતી તે કહી ત્યારે એમને પ્રતીતિ થઇ છે. ઋષિ મુનિઓએ જે ભૂતકાળમાં કર્યું છે. તે હકીકતની ખાતરી કરાવવા તથા અધ્યાત્મજ્ઞાન આપવા એમણે જન્મ લીધો છે.

* પરાયાનું હિત કરવાનું ન બને તો ચિંતા નહીં પણ કોઈનુંય અહિત કે અકલ્યાણ તમારાથી હરગીજ ન થાય તેની ખાસ કાળજી રાખશો. બીજાનું અહિત કરવાનો મનસુબો સરખો પણ કરનાર અંતે પોતે જ ખાડામા જઈ પડે છે.

# વર્તનનો પ્રભાવ

સાધુ પ્રીતમપ્રસાદદાસ

ઈરાની સાધુ સક્તીનું પ્રવચન થવાનું હતું. એમના આગમનની તૈયારીમાં ગામમાં ઠેર ઠેર તોરણ બંધાયાં. પાદરે વૃક્ષોનાં ઝૂંડ હેઠળ મંડપની રચના થઈ. દૂરદૂરથી લોકો આવવા લાગ્યા. સંસારીઓ આવ્યા અને સાધુ સંતો પણ આવ્યા. કેટલાક નવા વૈરાગીઓ ત્યાંથી પસાર થયા. મંગલદૃશ્યો જોઈને એક વૈરાગીએ એક મુરબ્બીને પૂછ્યું : 'ભાઈ, એ તો કહો કે ઉત્સવ શેનો છે?'

મુરબ્બીએ આંખો મીંચી અને આકાશમાં બંને હાથ ઊંચા કરીને કહ્યું : 'શી વાત કરું તમને! આજે ઈરાનના મહાન સંત પૂજ્ય સક્તીનું પ્રવચન છે. તેનો આ ઉત્સવ છે. એમનું શ્રવણ કરવું એ એક લહાવો છે. ઘણા શ્રોતાઓ આવી ગયા અને ઘણા હવે આવશે. આપણે ત્યાં મેળામાં લોક સમુદાય ઊમટે એમ અહીં ઘણા ભેગા થયા છે. આમ છતાં આ ઉત્સવ સાવ જુદો છે.' એમ કહી પોતે પૂર્વે જે શ્રવણ કર્યું હતું તેની વાત કરી. પૂજ્ય સકતીની સાધુતાના ગુણ કહ્યા. સૌમ્યરૂપ તથા જ્ઞાનના તેજની વાત કરી. આમ ઘણો મહિમા કહ્યો.

બરાબર દસ વાગ્યે સંત સકતીનું આગમન થયું. સૌએ એમને આવકાર્યા થોડીવારમાં પ્રાર્થનાની શરૂઆત થઈ. પ્રાર્થનામાં એવી શકિત છે કે એમાંથી ફેંકાયેલી શકિત વાતાવરણને બદલી નાખે છે જાણે શાંતિ ત્યાં આકાર ધરીને બેસી ગઈ હોય એવો સૌને અનુભવ થયો.

હજારો માણસોની મેદની વચ્ચે ઊભેલા એ સંતે પ્રવચન



શરૂ કર્યું. વીજળીના જેવો ઝળહળાટ એના દિમાગમાં હતો. પ્રવચન ચાલુ હતું. એવામાં એક વીંછી સ્ટેજ પર ચડ્યો, અને સંત સકતીના પગે કરડ્યો. જાણે કાંઈ થયું જ નથી એમ માની વકતાએ પ્રવચન ચાલુ રાખ્યું. શ્રોતાગણમાં બેઠેલા એક ભાઈ આ બધું બરાબર જોઈ રહ્યા હતા. એમને થયું કે હમણાં ચાલુ પ્રવચનમાં જ વકતા સ્ટેજ પરથી કૂદશે પણ એવું ન થયું.

પ્રવચન બાદ સૌ વીખરાયા. સંત સકતી એક ખુરશી પર બેસી ગયા. વીંછીના ડંશની વેદના અસહ્ય હતી. એ એમના મુખ પરથી સ્પષ્ટ જણાતું હતું. 'વીંછી કરડ્યો ત્યારે આપ કેમ શાંત રહ્યા?' એક ભાઈએ સહજ પૂછ્યું. 'એ સમયે હું સાહનશક્તિ ઉપર પ્રવચન આપી રહ્યો હતો. મારી વાતો મુજબ મારું જ વર્તન ન હોય તો શી અસર થાય?' સંતે નમ્રતાપૂર્વક કહ્યું.

'વર્તનદ્વારા વાતો કરવી' એવા ગુણ સંત સમાગમથી આવે છે.

બીજાનો અનાદર કરવો એ પોતાનો અનાદર નોતરવા સમાન છે. તમારામાં જે આત્મા છે, તે જ આત્મા બીજામાં પણ છે, એ વાત સમજાય તો અન્યનો અનાદર કરવાની વૃત્તિ કદી પણ ન થાય.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઈલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૮૧૭ : ઓફિસ ૩૩૬૬૦

# ગજકરણી

મણિભાઇ શાહ

આ જઠરની શુદ્ધિની ક્રિયા છે. ગજ એટલે હાથી અને કરણી એટલે ક્રિયા. હાથી જેમ સૂંઢથી પાણી પીને પાછું સૂંઢ વડે જ પાણીને બહાર કાઢી નાખે છે તેમ ગજકરણીમાં મોઢેથી પાણી પીને મોઢેથી જ બહાર કાઢી નાખવાનું હોય છે. એનું બીજું નામ કુંજરક્રિયા. કેટલાક એને વમનધૌતિ પણ કહે છે.

વિધિ : (૧) ઊભા ઊભા ત્રણચાર લોટા ચોખ્ખું પાણી પી જાઓ. આશરે ત્રણચાર શેર કે તેથી વધારે પણ પી શકાય પણ શરૂઆત ત્રણ લોટાથી કરવી. એક સાથે ઝાઝું પાણી પીવાનું ગમશે નહીં પણ તરસ છીપાવવા આપણે પીતા નથી પણ પેટની શુદ્ધિ માટે પીવાનું છે. એટલે ન ગમે તો પણ ઠાંસીને અથવા પેટ ભરીને પાણી પીવું જોઇએ.

(૨) પાણી પીધા પછી નૌલિ કરવી. (નૌલી માટે અધ્યાત્મ જુઓ)

(૩) હવે વાંકા વળી ઊભા રહો ને બંને હાથ ગોઠણ પર રાખો.

(૪) જે હાથની આંગળી મોઢામાં નાખવાની છે તે હાથ ઉઠાવી તેની વચલી અને અંગુઠાપાસેની તર્જની બંને સાથે રાખી મોઢું પહોળું કરી કાકડા સુધી ઊંડી ઘાલો એટલે ઉલ્ટી થશે ને બહાર નિકળશે. વારંવાર આંગળી નાખી ઉલ્ટી કરવી અને બધું પાણી કાઢી નાખવું. વસમું લાગે તો થોડે



થોડે અંતરે આંગળી નાખી પાણી કાઢવું, જો કે કેટલાક આંગળી નાખ્યા વિના હાથીની જેમજ સ્વાભાવિક રીતે પાણી કાઢી શકે છે. ખરું જોતાં ઉલ્ટીના અવયવો ઉપર કાબૂ આવી જાય ત્યારે જ ગજકરણી સિદ્ધ થઈ ગણાય.

જ્યાં સુધી બધું પાણી ન નીકળી જાય ત્યાં સુધી આ ક્રિયા કરવી પણ થોડુંક પાણી રહી જાય તો પણ કંઇ નુકસાનકારક નથી પણ હાથ ગોઠણપર રાખી નીચા નમેલી સ્થિતિમાં ઊભા રહી ઉલ્ટી વખતે પેટ પર જેવા ધક્કા લાગે છે તેવા ધક્કા પેટપર સભાનપણે મારવાથી પણ પાણી નીકળી જાય છે.

આ ક્રિયા બીજી રીતે પણ થઈ શકે છે. બે ફૂટની રબરની ત્રણ આની જાડી પોળી નળી લેવી અને પાણી પીધા પછી આંગળીને બદલે ગળામાં નળીનો એક છેડો નાખી પેટમાં ઊંડો ઉતારવો તો પાણી એની મેળેજ નળીના બીજે છેડેથી નીકળી જશે. પરંતુ ધડને નમાવેલું રાખવું. ઉલ્ટીમાં જે આંચકા લાગે છે તે પણ નહીં લાગે. પૂરું પાણી નીકળી જાય એટલે ધીરે ધીરે નળી કાઢી લેવી ને ધોઈ નાખવી.—નળી નાખતાં પહેલાં પણ ગરમ પાણીથી ધોવી.

ફાયદાઃ—(૧) કફ પિત્ત દૂર કરે છે.
(૨) જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે.

સૂચનાઃ—

(૧) સવારે શૌચ પછી જ આ ક્રિયા કરવી.

(૨) સવારે કંઈ પણ ખાધાપીધા વગર પહેલાં કરવી. જો કે ઝેરી પદાર્થ ખાઈ ગયા હોય તો ઝેરી પદાર્થની વિક્રિયા

ન થાય તે માટે ગજકરણી કરી શકાય છે.

(૩) તેલ, મરચું અને ખારા પદાર્થો તે દિવસે તો ન જ ખાવા અને ત્યાર પછી પણ અત્યંત ઓછા પ્રમાણમાં લેવાય તે ઈષ્ટ છે.

(૪) ઉલ્ટીના આંચકા અસહ્ય લાગે અથવા હૃદય ઉપર અસર થાય તો ગજકરણી ન કરવી.

(૫) ઠંડુ પાણી પી શકાય પણ થોડુંક નવશેકું પાણી પીવાથી ઉલ્ટી જલ્દી થશે. શિયાળામાં જરાક ગરમ પાણીનો જ ઉપયોગ કરવો. તેમાં થોડુંક સીંધાલુણ અથવા મીઠું નાખી શકાય.

(૬) ખાટા ઓડકાર, અરુચિ કે એવા બીજા ચિહ્નો જણાય ત્યારે ગજકરણી કરવી પણ દરરોજ કરવાની જરૂર નથી. શીખતી વખતે કરવામાં કંઇ વાંધો નથી પણ તે દિવસોમાં મિતાહાર થાય તે ઈષ્ટ છે.

* વિચારયુક્ત જીવન કરતા આચારયુક્ત જીવન શ્રેષ્ઠ છે. સદાચાર દ્વારા સમાજનો ઉત્કર્ષ સાધી શકાય છે. કેવળ સદ્‌વિચાર પણ જો આચાર વિનાનો હોય તો તેની સમજ ઉપર અસર થતી નથી. આચાર વિનાનો વિચાર વાંઝિયો છે.



# કહે મંસૂર મસ્તાના....

આશા ત્રિવેદી

કોઈ સૂફીવાદીએ ગાયું છે–

"મહમ્મદ અગર મુસ્તફા બનકે આયે...

અલ્લાહ કદાચ પવિત્ર પુરુષના વેશમાં આવે તો પણ હું એના પર ન્યોછાવર થઇ જાઉં પણ આવો દેવ–માનવ ભાગ્યે જ ધૂમકેતુની જેમ આપણી વચ્ચે ઉદિત થતો હોય છે.

સંત કબીરને પણ આવા પુરુષોનાં દર્શન માટે તલસાટ હતો, એમ આપણને તેના એક ભજનની પંકિત પરથી ખ્યાલ આવે છે.

"દેશ ફરી પરદેશ ફરી
મને સંત મળ્યા અપાર
જેને દીઠે મારા નેણાં ઠરે
અંજા પડ્યા દુકાળ

જેને જોઈને હૃદય અને આંખોને તૃપ્તિ થાય એવા ભગવદ્‌રૂપ પૂર્ણ સંતોનો દુકાળ પડ્યો છે. પણ જેના નામથી મડદાં બેઠાં થાય એવા નઝીર અને મંસૂર હજુય તેના ભાવથી અંતરના તળિયાં ને સ્પર્શી જાય છે. પ્રભુના પ્રકાશિત પ્રદેશનો ટુકડો જ મંસૂરના રૂપે અહીં અવતર્યો હતો એમ કહીએ તો ખોટું નથી. સૂફી ભકતોમાં મંસૂરનું સ્થાન અનોખું છે. તેની આંતર સાધના અને આંતર સ્વરૂપનો સાચો પરિચય તેની એક જ ગઝલ પરથી થાય છે.

"અગર હૈ શૌક મિલનેકા......જો ઈશ્વરને મળવાનું દર્દ જ હોય તો અખંડ વૃત્તિ લગાડી દે અને સ્વયંને સળ-

ગાવીને તેની ભસ્મ શરીર પર લગાવ. સ્વયંને સળગાવવું અહંકારનો સર્વથા નાશ કરવો પોતાનાપણાનું ભાન ઓગાળી નાખવું, પોતાના મિથ્યા વ્યક્તિત્વને પરમના પ્રકાશ સાથે ભેળવી દેવું.

દરેક જ્ઞાની પુરુષોએ અહં નાશ પર જ ભાર મૂકયો છે.

હૈ ગુમરાહ જિસ દિલમેં બાકી ખુદી હૈ
મિલા તુજસે જિસને ખુદીકો ગંવાયા

જેઓની અંદર અહંભાવ રહ્યો છે તેઓ માર્ગ ભૂલ્યાં છે, પણ જેણે અહંને અશેષ જલાવી દીધો છે તેઓ જ ભગવાનને મળી શકયા છે; અને એટલે જ મંસૂરે ગાયું કે "જલાકર ખુદનુમાઈકો ભસમ તન પર લગાતા જા...અલ્લાહની આગમાં સળગતો મંસૂર મનની મલિનતા દૂર કરવા માટે પ્રેમરૂપી સાવરણીને મહદ્ સાધન માને છે. પ્રેમથી રજ અને બળેલા અહંની રાખથી સાધનાનું આસન લીંપી દેવું. સભાનતા, આંતર સૂઝ અને વિશુદ્ધ ભાવ ભગવદ્ પ્રાપ્તિના માર્ગમાં મહત્ત્વની સામગ્રી છે. વ્યાઘ્રચર્મનું કે દર્ભનું આસન ખાસ પ્રકારના પારાવાળી માળાઓ વગેરે બાહ્ય સાધનોનું મહત્ત્વ આવા મહાભક્તોથી ઘણે દૂર રહ્યું છે. પ્રેમની પરાકાષ્ઠાએ પહોંચતાં આસન અને માળા ફેરવવાનો અંત આવે છે. સમગ્ર પૃથ્વી જ સાધકનું આસન ને દરેક શ્વાસ ઉચ્છવાસ જપ માળા બની જાય છે, અંતરની કિતાબમાં સઘળાં દર્શનો અંકિત થઈ જાય છે, ત્યારે ઘણાં પુસ્તકો વાંચવાની જરૂર નથી. ફક્ત જ્ઞાનના સારરૂપ ફિરશ્તાઓનો હાથ પકડી લેવાથી જ સત્ય દર્શન મળી આવે છે; અને એટલે જ મંસૂરે પોતાની મસ્તીમાં ગાઈ નાખ્યું છે:-

"મુસલ્લા છોડ તસબી છોડ



કિતાબેં ડાલ પાનીમેં......
પકડ હસ્ત તું ફિરશ્તોંકા ગુલામ ઉનકા કહતા જા...

ફિરશ્તાઓનો હાથ પકડવા પૂરતી જ વાત નથી. પણ તેનો ગુલામ બની જવાનો ભાવ બતાવ્યો છે. અહીં મંસૂરનો મહા વિનય દેખાઇ આવે છે. તેને નમ્ર સેવક બનવું ગમે છે. ફિરશ્તાઓ એટલે કે જાગૃત પુરુષો–પ્રભુની સાકાર સગુણ મૂર્તિ જેવા જ હોય છે. તેઓની સેવા કરવાથી ભગવદ્ પ્રાપ્તિ સહેલાઈથી થાય છે. ગોરખનાથે આ વાતનું સમર્થન કરતાં કહ્યું છેઃ-

હે...મનસા માલણી રે
ગોરખ જાગતા નર સે, તુને મળે નિરંજન દેવ

મનને માલણની ઉપમા આપી છે. જુદાં પુષ્પો ચૂંટવાનું છોડી દઈને એક આત્મદર્શી પુરુષરૂપ પુષ્પને ચૂંટવાનું કહે છે. આત્મદર્શી પુરુષ કમળ જેવા છે, કમળ સૂર્ય કિરણના સ્પર્શથી જ ખીલે છે અને એ રીતે તેઓ પણ પરમાત્મ તત્ત્વ રૂપ મહાસૂર્યના સ્પર્શથી જ ખીલેલાં રહેતાં હોય છે; અર્થાત્ અહીં માનવ રૂપે હસ્તી ટકાવી શકતા હોય છે. આથી જાગૃત પુરુષોના ગુલામ બનવામાં મંસૂર પરમ ખુશી માને છે, તેમાં ગોરખનાથ સંમત છે...સંત કહે છે :

ન મર ભૂખા ન રખ રોજા.........
ન જા મસ્જિદ ન કર સિજદા

ફિરશ્તાઓનું શરણું લીધા પછી મસ્જિદમાં કે મંદિરમાં જવાની કે તેમાં બેસાડેલી મૂર્તિને પ્રણામ કરવાનીયે સાધના છૂટી જાય છે. ઉપવાસ કરવાની જરૂર રહેતી નથી. ગીતામાં કહેલા સમતુલ આહારની વાત કરી છે.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।

ગીતા–૬–૧૬

બહુ ખાવાવાળાં અને બિલકુલ ન ખાવા વાળાંને પરમાત્મામાં વૃત્તિ જોડાવા રૂપ સાધના થતી નથી અને આથી પછીની પંક્તિમાં " હંમેશા ખા, હંમેશા પી " કહીને કઠોર વ્રત તપને ગૌણ બતાવ્યાં છે. તેમ જ વારંવાર હાથ–મોં ધોવાની ક્રિયાને પણ નકામી ગણીને વજૂનો કૂંજો તોડીને ફેંકી દેવાનો ભાવ પ્રદર્શિત કર્યો છે. વજૂ એટલે ઈસ્લામ ધર્મમાં બંદગી વખતે કરવામાં આવતી હાથ–મોં પ્રક્ષાલનની ક્રિયા. મંસૂર વજૂ કરવાના જળનો કૂંજો તોડીને શરાબે–શૌકની મસ્તીમાં ડૂબી જાય છે. મહાયોગી શ્રી અરવિંદનું "તીવ્ર અભીપ્સા" નું સૂત્ર—શરાબે શૌક પીતાજા... એ પંક્તિમાં સ્પષ્ટ રજૂ થયું છે. પ્રભુને પામવા માટે અંતરમાં અખંડ ઈચ્છા પ્રગટાવવી એ આધ્યાત્મિક સાધનાનું પ્રથમ પગથિયું છે. બીજું છે સમર્પણ. આપણી અંગત ઈચ્છાઓ પ્રભુની ઈચ્છામાં મેળવી દઈને સદાય જાગ્રત રહેવું. "ન ગફલતસે રહો ઇક દમ... કોઈ પણ કાર્ય કરતાં પહેલાં ઈશ્વરને યાદ કરવો અને જોવું કે પોતે જે કાંઈ કરી રહ્યો છે તે ખોટું તો નથી ને ? પ્રભુને તે કામ ગમે તો છે ને ! આ વાતનો ખ્યાલ રાખવો. અને પોતાની મસ્તીમાં રહેવું. નશેમેં સૈર કર અપની... એટલે કે આત્મસ્થ રહેવું "આત્મન્યે વાત્મના તુષ્ટ... ગીતા–૨–૫૫" આત્મા જ સર્વ કાંઇ છે, એનામાં સર્વ દર્શન સમાયેલાં છે, આથી ખાસ પ્રકારે મુસલમાન કે ખ્રિસ્તી બનવાની જરૂર નથી. દર્શન પ્રાપ્તિની પરાકાષ્ટાએ પહોંચેલો મંસૂર વેદાંતનું તત્ત્વદર્શન "અનલહક તૂ કહાતાજા... એ પંક્તિમાં આપે છે. तत्त्वमसि अहं ब्रह्माऽस्मि હિંદુઈઝમનું આ છેવટનું દર્શન છે. કેટલાક સૂફીવાદીઓએ પણ પોતાના માર્ગમાં આ જ રીતનો



સાક્ષાત્કાર કર્યો હતો. મહાન સૂફી સંત કલંદરનું પ્રમાણ ટાંકીને મંસૂરે "તૂ અનલહક હૈ મં અનલહક હૂં. (તું ખુદા છે, હું ખુદા છું) એવી ઘોષણા કરી છતાંય વિરોધીઓએ તેને શૂળી પર ચડાવી દીધો હતો.

કહેવાય છે કે પ્રેમ દિવાનો મંસૂર પોતાના પરમ પ્રિયતમને ઢૂંઢતો રસ્તે રસ્તે ભટકતો, ત્યારે લોકો પાગલ કહીને તેના તરફ પથ્થરો ફેંકતા, મંસૂર પત્થર ઉઠાવીને જોતો કે તેમાં ક્યાંય ખુદા તો નથી ને! પરાકોટિએ ગયેલો પ્રેમ સાધકને પોતાનામાં જ પ્રભુનું દર્શન કરાવી આપે છે. આરાધક–આરાધ્ય એક બને છે. " મૈં અનલહક હૂં " એમ કહેતો મંસૂર શહેનશાહનો શહેનશાહ બની ગયો. આ વાત રાજાને ન ગમી. મંસૂરે પોતાનો મંત્ર છોડ્યો નહી. તેને શૂળી પર ચડાવવામાં આવ્યો, દેહના કટકે કટકા થઇ ગયા. છતાંય તેના કપાયેલા અવયવોમાંથી આ મંત્ર જપ ચાલુ જ હતો. " મૈં અનલહક હૂં......"પ્રભુના સત્યને માટે મંસૂરે પોતાના દેહનું બલિદાન આપી દીધું.

છેલ્લી પંક્તિમાં મંસૂર કહે છે

" હક મેંને દિલમાં પહચાના.........

હૃદયના પ્રેમમાં ઈશ્વરની ઓળખ છે. આપણો હક ઈશ્વરને પ્રેમ કરવામાં છે. મિલન થવું તે તેની ઇચ્છાની વાત. આવાં તદ્દન નિરપેક્ષ પ્રેમીઓની મહેફિલમાં શામિલ થવાથી પ્રેમ શું છે તેની સમજ પડે છે.

**પ્રગટ થાય છે** **પ્રગટ થાય છે**

## સંપૂર્ણ રામાયણ

**ગુજરાતીમાં કાવ્યાખ્યાન–પ્રયોજક : શ્રી યોગેશ્વરજી**

૧. '**રામચરિત–માનસ**' (સંતશિરોમણિ **તુલસીદાસ મહારાજ રચિત**)નું **કવિતામાં** લોકભોગ્ય, સુંદર અને અદ્ભુત **આખ્યાન.**

૨. અનેક ત્રિરંગી સુંદર ફોટાઓ, મોટી સાઈઝનાં ૭૦૦ થી ૮૦૦ પાનાં, પ્લાસ્ટિકનું કવર.

૩. (૧) બાલકાંડ (૨) અયોધ્યાકાંડ (૩) અરણ્યકાંડ (૪) કિષ્કિંધાકાંડ (૫) સુંદરકાંડ (૬) લંકાકાંડ (૭) ઉત્તરકાંડ (૮) રામચરિત–માનસનું માહાત્મ્ય તથા તેના ઉપરની ટૂંકી ટૂંકી રસમય વિવિધ નોંધો (**એક પ્રકારે ભાષ્ય**) નો સમાવેશ.

૪. હિન્દુસંસ્કૃતિની મહામૂલી મૂડી સમા આ મહાગ્રન્થને ગુજરાતીભાષી જનતાને ઘેર ઘેર પહોંચાડવાના શુભ આશયથી, અસહ્ય મોંઘવારીમાં પણ કિંમત માત્ર રૂા. ૬૫/– અને **તેમાંયે ૩૦ નવેમ્બર સુધીમાં આગોતરા ગ્રાહક થનાર માટે ફક્ત રૂા. ૪૦–**

૫. તા. ૩૦ નવેમ્બર પછી પૂરી કિંમત રૂા. ૬૫/– ઉપરાંત ટપાલખર્ચ (રજી. પોસ્ટથી) રૂા. ૭/–વધારાના. ત્યારે છ નકલ કે વધારે મંગાવનારને ટપાલખર્ચ**ની** માફી.

૬. **પરદેશમાં** ગ્રન્થની કિંમત રૂા. ૧૫૦/–રવાનગી ખર્ચ રૂા. ૧૫/–

૭. **ધ્યાનકેન્દ્રો આગોતરા ગ્રાહકો નોંધશે** અને રકમ ડ્રાફ્ટથી **શ્રી બાબુભાઇ સી. વ્હોરા** (૩૧, ગવર્મેન્ટ સર્વન્ટસ સોસાયટી, નવરંગપુરા, **અમદાવાદ-૯**)



ઉપર મોકલી આપશે

૮. **ગ્રન્થનું પ્રકાશન** જાન્યુ૦ ૧૯૮૩ માં. પ્રકાશક : **શ્રીકુમકુમ પ્રકાશન મંદિર,** મામુ નાયકની પોળ સામે, ગાંધી રોડ, **અમદાવાદ–૩૮૦૦૦૧.**

૯. **ગ્રાહકે રકમ ડ્રાફ્ટ કે મ.ઓ.થી મોકલવી.**

---

### પરદેશના લવાજમ

લેસ્ટર, પ્રેસ્ટન, બોલ્ટન વગેરે શહેરોનાં લવાજમો શ્રી. છોટાલાલભાઇ એમ લીંબાચિયાને આપી શકશો. એમનું સરનામું:–

Sr. Chhotalal M. Limbachiya.
13, Laudergate Street,
PRESTON PRI–8JH (U. K.)

---

### નવા આજીવન સભ્યો

૨૫૧ શ્રી બાલાસિનોર હિતેચ્છુ મંડળ લાઈબ્રેરી,
બાલાસિનોર રૂા. ૨૫૧.

૨૫૨ શ્રી માણેકલાલ મૂળચંદ ગજ્જર, અમદાવાદ રૂા. ૨૫૧

૨૫૩ શ્રી આપારાવ ભોળાનાથ પુસ્તકાલય,
અમદાવાદ, રૂા. ૨૫૧
[પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તરફથી–પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્મરણાર્થે]

૨૫૪ શ્રીમતી કુસુમબહેન કાન્તિલાલ શુક્લ
અમદાવાદ, રૂા. ૨૫૧

મુક્તિ, સમાધિ, બ્રહ્મના પ્રાગટ્યમાં અડચણો દૂર કરવા પૂરતી જ કામની છે. આત્મા સૂર્યની જેમ સદૈવ પ્રકાશિત છે. અજ્ઞાનનાં વાદળો હટે એટલે સૂર્ય પ્રગટ થાય છે. ત્યારે હૃદયની ગાંઠો છેદાઈ જાય છે; તેનો આહ્લાદ, આનંદ અનુભવાય છે.

ભિન્ન ભિન્ન ધર્મો સાધનાપથ ઉપર આવતાં વિઘ્નો દૂર કરવાની સલાહ આપે છે. તેમનું લક્ષ્ય તો આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર જ છે. સર્વ માનવીઓ તેને પ્રાપ્ત કરવા માટે સમાન અધિકારી છે.

આત્મસાક્ષાત્કાર ન થાય ત્યારે સાધક ખિન્નતા અનુભવે છે તે બીજું કાંઈ નહિ વ્યાકુળતાનું એક લક્ષણ છે. આવી ઉત્કટ વ્યાકુળતા એ જ સાચી આધ્યાત્મિકતા છે.

આત્મજ્ઞાનીનું એક લક્ષણ એ છે કે તેના મનમાં, સ્વપ્નમાં સુદ્ધાં, લિંગાદિ ભેદ લેશ પણ હોતો નથી.

पतति पतत्रे विचलति पत्रे शङ्कित भवदुपयानम् ।
रचयतिशयन सचकित नयनं पश्यति पन्थानम् ॥

(ગીત ગોવિંદ–જયદેવકૃત)

આ શ્લોકમાં પ્રેમની પરાકાષ્ઠા બતાવી છે. પાંદડું પડે, પાંદડું ઊડે, સહેજ પણ સળવળાટ, અવાજ થાય કે તે કલ્પી લે છે કે તમે આવી ગયા. શય્યા તૈયાર કરીને તમે જે રસ્તેથી આવશો એ રસ્તે ચકિત થયેલાં નયને તમારી રાહ જોયા કરે છે.

આત્મસાક્ષાત્કાર માટે આવા પ્રેમની જરૂર છે.

આખો દેશ ગાઢ તમોગુણ વડે ઢંકાઈ ગયો છે. કાર્યશક્તિ, કર્તૃત્વશક્તિ, રજોગુણને પુષ્કળ પ્રમાણમાં ખીલવ્યા સિવાય આ લોકમાં કે પરલોકમાં કંઈ વળવાનું નથી.

રજોગુણ દ્વારા પ્રજાને વીર્યશીલ અને કાર્યશીલ બનાવવી પડશે. કામ કરો, કામ કરો, કામ કરવા મંડી પડો! આ સિવાય ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી.



# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

(પ. પૂ. શ્રીયોગેશ્વરજીની સિદ્ધ કલમે લખાયેલ રામકથા)

ફૂલવાડીમાંથી બહાર આવ્યા પછી તરતજ રામે એ લાગણીઓનો પડઘો પાડતાં લક્ષ્મણને કહેવા માંડ્યું

એને થયું તો ખરું કે ઊર્મિલાને માટેનાં મારા અંતરના આકર્ષણનું કારણ પણ એવું જ લાગે છે અને એ આકર્ષણ સામાન્ય તો નથી જ, પરંતુ વખતને વરતીને એ શાંત રહ્યો.

એણે ફક્ત એટલું જ કહ્યું:

'તમારા સંબંધમાં જે સિદ્ધાંત કામ કરે છે તેજ મારા સંબંધમાં પણ કામ કરતો લાગે છે. નહિ તો મને પણ એવું આકર્ષણ ના થાય.' રામે પોતાના અનુરાગની અભિવ્યક્તિ કરતાં કહ્યું :'

કોઇએ મને સીતાના આટલા બધાં સૌન્દર્ય, શીલ અને પ્રભાવની વાત કરી હોત તો મારા માન્યામાં પણ ના આવત, પરંતુ હવે તો મેં એનો સ્વયં અનુભવ કરી લીધો એટલે એને માનવા ના માનવાની સમસ્યા રહી જ નથી, સીતાની તુલના બીજું કોઇજ કરી શકે એવું મને નથી લાગતું.'

'જેમ સીતા અનેક રીતે અજોડ છે તેમ તમે પણ અજોડ છો. 'જેમ સીતાની સમાનતા બીજું કોઈ જ નથી કરી શકે તેમ તો તમારી સમાનતા પણ બીજા કોઇથી નથી થઈ શકવાની. એનો અર્થ તમે બંને એકમેકને માટે નિરમાયલાં કે એકમેકનાં પૂરક છો. તમારી પાસે સીતા સુશોભિત લાગે છે ને સીતાની પાસે તમે સુશોભિત લાગો છો. જાણે પ્રકૃતિ અને પુરુષ જ જોઇ લો.

આખોયે રસ્તો એવા ભાતભાતના પ્રેમાલાપમાં પૂરો થયો ને છેવટે બંને પોતાના ઉતારા પર આવી પહોંચ્યા.

મહર્ષિ વિશ્વામિત્ર હજુ હમણાંજ નિત્યકર્મમાંથી પરવારી બેઠા હતા. બંને એમને પગે લાગ્યા. એટલે એમણે આશીર્વાદ આપ્યા ને પૂછ્યું : 'ફૂલવાડીમાં જઈ આવ્યા ?' હા જઈ આવ્યા ને ફૂલ પણ લઈ આવ્યા.' રામ અને લક્ષ્મણે ઉત્તર આપ્યો.

'જનકનંદિની સીતાને જોવાનો અવસર આજે પણ મળ્યો કે ના મળ્યો ? જગદંબાના પૂજન માટે એના નિત્યનિયમ પ્રમાણે એ આજે પણ આવી તો હશે જ ? ' રામે કહ્યું :

'આજે પણ એ ઉદ્યાનમાં આવેલી એટલે એનું દર્શન થોડેક દૂરથી થઈ શક્યું. એને જોઇને કોણ જાણે પણ મારા દિલમાં એક પ્રકારનો અપૂર્વ આનંદ ફરી વળે છે.'

લક્ષ્મણે કહ્યું :

'સીતાનું સ્વરૂપ જ એવું છે કે જે એના તરફ નિહાળે છે તે બધા જ આનંદ પામે છે અને મંત્રમુગ્ધ બને છે. એમ થાય છે કે એ સ્વરૂપને મન મૂકીને જોયા જ કરીએ. પરંતુ એક વાત જરૂર કહીશ કે એને જોઈને મારા મનમાં એક પ્રકારનો ઊંડો પૂજ્યભાવ થાય છે.'

'મારા મનમાં પણ એને જોઇને કોઈ વિકાર નથી થતા કે વાસના પણ નથી જાગતી, પરંતુ હૃદય એને જોતાં નથી ધરાતું.

'એ જ એની વિશેષતા છે, રામ!' મહર્ષિ વિશ્વામિત્રે કહેવા માંડ્યું. 'સીતા સંસ્કારી ને શીલવતી છે એની એ સાબિતી છે. એના હૃદયની નિર્મળતાની એથી પ્રતીતિ થાય છે, ને તમારા હૃદયની ઉત્તમતાનું પણ એમાં દર્શન થાય છે. તમારું અંતર એના પ્રત્યે આકર્ષાય છે તે કાંઈ એમ તેમ નથી આકર્ષાતું. એ આકર્ષણની પાછળ વિધિની કોઇ અદૃષ્ટ ઇચ્છા કામ કરે છે. એની યોજનાનુસાર જ એ આકર્ષણ થઇ રહ્યું છે અને આપણે અહીં આવ્યા છીએ તથા રાજા જનકે સીતાના સ્વયંવરની રચના કરી છે. તમારું મન જેમ સીતાના સ્વરૂપને નિહાળીને મુગ્ધ થાય છે તેમ રામનું સ્વ-



રૂપ જોઈને સીતાનું મન પણ મંત્ર મુગ્ધ બની ગયું હશે. રામનું રૂપ જ એવું રઢિયાળું છે કે એની મોહિનીમાંથી કોઈક જ બચી શકે તેમ છે. મોટા મોટા મુનિઓ તથા વીતરાગ યોગીઓ પણ એ રૂપને ભારે રસપૂર્વક એકીટશે જોયા કરે છે; સીતા એના રસાસ્વાદથી રંગાઇ જાય એમાં લેશ પણ આશ્ચર્ય નથી લાગતું.

બીજે દિવસે રાજા જનકના સંદેશને માન આપીને મહર્ષિ વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણ સાથે સ્વયંવરના મંડપમાં જઈ પહોંચ્યા.

મંડપનું સ્થાન સારી પેઠે શણગારેલું ને અત્યંત વિશાળ હતું.

એમાં અનેક રાજાઓ તથા રાજકુમારો પોતપોતાના આસન પર બેઠા હતા. રાજા જનકે વિશ્વામિત્રની સાથે આવેલા રામ અને લક્ષ્મણનો સત્કાર કર્યો અને એમને સુંદર, ઉત્તમ આસન પર બેસવાની સૂચના કરી.

સ્વયંવરના વિશાળ મંડપમાં ભેગા થયેલા રાજાઓ ને રાજકુમારો રામ અને લક્ષ્મણના અદૃષ્ટપૂર્વક, અલૌકિક, અસાધારણ સ્વરૂપ તરફ ધારી ધારીને જોઇ રહ્યા.

સૌ એમના રસમય સ્વરૂપને નિહાળીને મોહિત થયા, અથવા કહો કે મોહિત થયા વિના ના રહી શક્યા.

રામ અને લક્ષ્મણની મનોહર મૂર્તિ સુંદરતાના સદન જેવી લાગવા માંડી.

એમણે સુંદર રેશમી વસ્ત્રો પહેરેલાં, કપાળે તિલક કરેલું, તથા હાથમાં ધનુષબાણ ધારણ કરેલાં.

બધાંની નજર એમનાં તરફ મંડાઇ રહી.

એમણે સૌના ચિત્તને નિમિષમાત્રમાં ચોરી લીધાં.

થોડાક વખતમાં તો રાજા જનકના આદેશ પ્રમાણે સ્વયંવર મંડપમાં સીતાને લાવવામાં આવી એટલે બધાની દૃષ્ટિ એના તરફ વળી.

મંદમંદ પગલે ચાલતી સીતાને જોઈને સૌ સ્તબ્ધ બની ગયા.

સૌ એના રસમય રૂપનું પાન કરવા લાગ્યા.

શીલને સૌન્દર્યના સુભગ સમન્વયસમી સીતા પૃથ્વી પર અનુગ્રહ કરવા માટે ઊતરી આવેલી દિવ્ય લોકની કોઈ દેવી હોય એવું લાગવા માંડ્યું.

વિષય તાપમાં તપતા કોઈને એ વિશાળ ઘટદાર સનાતન સૌન્દર્ય વૃક્ષની કોઈ સુખદાયી શીળી છાયા જેવી લાગી.

રસતરસ્યા લોકોને માટે એ સ્નેહથી છલેલા, સુધાથી ભરેલા સુમધુર સરોવર સમી થઇ પડી.

સૌન્દર્ય રસિકો એને સૌન્દર્યની દેવી જેવી દેખવા માંડ્યા, અને કામુકોને માટે એ સાક્ષાત રતિ જેવી થઇ પડી.

ભક્ત હૃદયને એવું લાગ્યું કે ભક્તિનું વરદાન દેનારી વિશ્વની ધાત્રી, વિધાત્રી પોતે જ કુમારિકાનું રસમય રૂપ લઈને સામે આવી છે.

જ્ઞાનીઓએ એને વેદની અવનીમાં અવતીર્ણ થયેલી કોઇક અલૌકિક, અપાર્થિવ પુણ્યમય ઋચા ધારી ને યોગીઓએ યોગીઓની આરાધ્ય દેવી માની.

કોઇએ પુત્રી જેવી, કોઇએ બહેન જેવી, કોઈએ જનની જેવી, તો કોઈએ ભવિષ્યની પોતાની પ્રિયતમા જેવી જાણી.

પોતપોતાની ભાવના અથવા દૃષ્ટિ ને વૃત્તિ પ્રમાણે સીતાને સૌ જુદા જુદા રૂપે જોવા લાગ્યા.

રામ અને લક્ષ્મણને મધુરતાના મધપુડા જેવી અથવા તો રસના ભંડાર જેવી લાગી.

એ બંને એને ભારે સ્નેહ અને સન્માનપૂર્વક જોઈ રહ્યા.

સીતાએ પણ રામ તરફ દૃષ્ટિપાત કર્યો ને લજ્જાવશ થઇને દૃષ્ટિને નીચે ઢાળી દીધી.

રામની મધુમયી મૂર્તિ એના અંતરમાં જડાઈ ગઈ.

સીતાની પાછળ એની માતા, એની બહેન ઊર્મિલા અને બીજી થોડીક સખીઓ હતી.



ઊર્મિલાને નિહાળીને લક્ષ્મણનું અંતર આનંદમગ્ન બની રહ્યું, એણે ઊર્મિલાને ધારી ધારીને જોવા માંડી.

ઊર્મિલાએ પણ વચ્ચે વચ્ચે એના તથા રામના તરફ જોવા માંડ્યું. સીતાએ ગુલાબી રંગની સુંદર સાડી પહેરેલી તથા જુદી જુદી જાતના અનેક આભૂષણો ધારણ કરેલાં.

પોતાની માતા, બહેન અને સખીઓ સાથે એ સ્વયંવરના મંડપના નિર્ધારિત સ્થાનમાં આવીને ઊભી રહી. એટલે રાજા જનકની આજ્ઞાને અનુસરીને બંદીજને રાજાની પ્રતિજ્ઞા કહી બતાવી, અને ઉપસંહાર કરતાં જણાવ્યું : 'કેટલાય મોટા મોટા વીરપુરુષો આ ધનુષ્યને જોઇને જ હિંમત હારીને નિરુત્સાહ બનતા પાછા ફર્યા છે. શંકરનું આ ધનુષ્ય એવું ભારે છે. જેને પોતાની શક્તિ ને પોતાની વીરતામાં વિશ્વાસ હોય તે આ એકત્રિત રાજસમાજની વચ્ચે ઊઠીને ધનુષ્યને ઉપાડે તથા તેના પર બાણ ચઢાવીને તેને તોડી બતાવે તો સીતા તેના કંઠમાં વરમાળા અર્પણ કરશે. આટલા મોટા રાજસમાજમાંથી કોઇક તો હિંમત કરશે ને પોતાનું પાણી બતાવશે જ એવી અમને આશા છે.'

રાજાઓ ને રાજકુમારો વારાફરતી ધનુષ્ય પાસે આવીને એને જોઇને જ પાછા વળવા લાગ્યા.

ધનુષ્યને ઉપાડવાની એમની હિંમત જ ના ચાલી. કેટલાક તો ભય અને લજ્જાને લીધે પોતાના આસન પરથી ઊભા જ ના થયા. સીતા ચારે તરફ કુતૂહલ પૂર્વક જોઈ રહી.

એને વરવાની ઇચ્છા તો અનેકને હતી પણ પોતાના બાહુબળનો ભરોસો ન હતો.

સીતાને થયું કે શંકરનું ધનુષ્ય કોઈ ઊંચકી જ નહીં શકે ને સ્વયંવર નિષ્ફળ જશે. તો પછી દેવર્ષિ નારદના શબ્દો મિથ્યા ઠરશે.

મિથ્યા પણ ઠરે. એ તો સ્વપ્નના શબ્દો. સ્વપ્નના ભરોસે રહેવાનું સલામત નથી હોતું. એ તો સાચુંપણ પડે ને ખોટુંય ઠરે ફૂલવાડી-

માં દેવર્ષિ નારદના કથન પ્રમાણે રામ મળ્યા એટલે શું થયું ? એમનામાં એવું મહાપ્રતાપી ધનુષ્ય ઉપાડવાની શક્તિ થોડી જ છે !

એનું મન કાંઇક ઉદાસ બની ગયું .

રાજા જનકને રાજસમાજનો વ્યવહાર જોઇને દુઃખ થયું. એમણે વેદનાયુક્ત વાણીને વહાવતા કહેવા માંડ્યું :

'આ પૃથ્વી વીર વિનાની છે એમ જ માનવું કે શું ? સ્વયંવર મંડપમાં આટલા બધા રાજવીઓ ને રાજકુમારો બેઠા છે તો પણ એકે રાજા કે રાજકુમારથી ધનુષ્યને ઉપાડવાની હિંમત નથી કરી શકાતી એ આશ્ચર્ય નહીં તો બીજું શું છે ? પૃથ્વી શું નામર્દોથી ભરાઈ ગઈ ? એની અંદરથી અદ્‌ભુત પરાક્રમી મહારથીઓ મરી પરવાર્યા અને એમાં હવે નિર્બળ મનના કાયરો જ શ્વાસ લઈ રહ્યા છે ? આવું જ હતું તો પછી અહીં આવવાનું કારણ જ શું હતું ? મારી પ્રતિજ્ઞા જો પૂરી ના કરાય તેમ હોય તો સૌ પોત-પોતાને ઘેર જાવ. સ્વયંવરનું ભલે વિસર્જન થાવ ને સીતા ભલે કુંવારી રહી જાવ. જો કોઈનામાં સામર્થ્ય હોય તો તેનો પરચો તો હજુ પણ બતાવી શકે છે, નહિ તો પછી પૃથ્વી વીર રહિત હોવાની મારી માન્યતા સાચી ઠરશે.'

જનક રાજાના શબ્દો સાંભળીને કેટલાક એકમેકની તરફ જોવા લાગ્યા તો કેટલાક ભૂમિ તરફ દૃષ્ટિ ઢાળીને તાકવા માંડ્યા.

સીતાનું વદન એ શબ્દો સાંભળીને ખિન્ન બની ગયું.

---

## ક્ષમા કરે

ઓગસ્ટ'૮૨ ના અંકમાં પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી તેઓશ્રીના જન્મ દિવસ તા. ૧૫-૮-૮૨ ના રોજ પાલનપુર હશે તેમ જણાવવામાં આવેલ પરંતુ અનિવાર્ય સંજોગોને લીધે તેઓશ્રી ત્યાં જઈ શક્યા નથી તેથી જે કોઇ સાધક ભાઇઓને તકલીફ પડી હોય તેઓ ક્ષમા કરે.

(પાના નં. ૭નું અનુસંધાન)

૮ શ્રી. હરસુખરાય ગંગાશંકર પંડ્યા
'ગાયત્રી કૃપા' ગાંધીગ્રામ સોસાયટી, એરોડ્રોમ પાછળ, રૈયા રોડ, રાજકોટ.

૯ શ્રી. હરિભાઈ ભોજાણી, ગેસ્ટ હાઉસ રોડ, મોરબી.

૧૦ શ્રી. ચંદ્રકાન્તભાઈ પંડ્યા
શિક્ષક, ખીરસરા. (કાલરિયાનું) [જિ. રાજકોટ]

૧૧ શ્રી જે. વી. શાહ, C/o એસ. વી. એન્ટરપ્રાઈઝ, ૨૦૩, શારદા ચેમ્બર્સ, બીજે માળે, ૧૫, ન્યુ મરીન લાઇન્સ, મુંબઈ ૪૦૦૦૨૦

૧૨ શ્રી. વિશ્વનાથ મૂ. જાની
૮૩/A બાણગંગા રોડ, મઠની બાજુમાં, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬

૧૩ શ્રી. હરગોવિંદભાઇ ભટ્ટ
C/o મેસર્સ વલિયા બ્રધર્સ પ્રા. લિ.
૮૯, મેડોઝ સ્ટ્રીટ, 'અરારત', ત્રીજે માળે, મુંબઈ-૪૦૦૦૨૩

૧૪ શ્રી. યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
C/o શ્રી. વિજયભાઈ પુરોહિત, સરકારી વસાહતની પાછળ, અંબિકા સોસાયટીની બાજુમાં, બેચરપુરા, પાલનપુર

૧૫ શ્રી. ભાઇલાલભાઈ છાટબાર
કૃષ્ણકુંજ, દાદા સાહેબના દેરા સામે, કાળાનાળા, ભાવનગર ૩૬૪૦૦૨

૧૬ શ્રી. ઈશ્વરભાઈ પ્ર. ભક્ત
મુ. પો. કપુરા, તા. વ્યારા, જિ. સુરત